# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.14 - Issue 9
September 2021
Price 12/-





રાજકોટ અવધપુરી ગુરુપૂર્ણિમાના દિવસે બ્ર.કુ. રેખાબેનનું સન્માન બાદ સમૂહચિત્રમાં MLA અરવિંદભાઈ રૈયાની, પુરુષાર્થ યુવકમંડળના ચેરમેન કિશોરભાઈ રાઠોડ, કૉરપોરેટર ભાઈ-બહેનો.



ડભોઈમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે બ્ર.કુ. જ્યોતિબેનને સન્માનીત કરતાં MLA શૈલેષભાઈ મહેતા, નગરપાલિકાના પ્રમુખ ભગિની કાજલબેન, શિક્ષણ સમિતિના ચેરમેન અશ્વિનભાઈ, BJP મહામંત્રી ડૉ. બ્રહ્મભટ્ટ.



વડોદરા માંજલપુરમાં ગુરુપૂર્ણિમા ઉત્સવ પર બ્ર.કુ. ધીરજબેનનું શૉલ ઓઢાડી સન્માન કરતાં કૉરપોરેટર ભગિની શ્રુતાબેન પ્રધાન તથા ભગિની ભારતીબેન ભદ્રેશ્વરા.



તલોદ પાસે ખેરોલ ગામે સરકારી આવાસના લોકાર્પણ કાર્યક્રમમાં MLA ભ્રાતા ગજેન્દ્રસિંહ પરમાર, તાલુકા પ્રમુખ ભગિની મીનળદેવી, TDO ભ્રાતા નીતિનભાઈ પટેલ, બ્ર. કુ. ગીતાબેન.



રાજકોટ શાસ્ત્રીનગર ખાતે શ્રાવણ માસના પ્રથમ સોમવારે બર્ફિલા અમરનાથ દર્શન ઝાંખીમાં આરતી કરતાં સોસાયટીના પ્રમુખ એડવોકેટ રાજેશભાઈ ચાવડા, બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. દિવ્યાબેન.



ગુજરાત ગ્લોબલ રીટ્રીટ સેન્ટર ઈન્દ્રપ્રસ્થ ખાતે દિવાસાના રોજ કોન્ટ્રાક્ટરર્સ, એન્જીનીંયર, લેબર્સને વ્યસન મુક્તિનો સંદેશ આપતાં ડૉ. મુકેશભાઈ, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. ઉષાબેન.



અમરેલીમાં શ્રાવણ માસના પ્રથમ સોમવારે ખારેકના શિવલિંગના દર્શને પધારેલ નગરપાલિકાના પ્રમુખ મનીષાબેન રામાણી સાથે બ્ર.કુ. ગીતાબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૪ સપ્ટેમ્બર-૨૦૨૧ અંક : ૦૯

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- સર્જન પ્રક્રિયા ................................તંત્રી સ્થાનેથી ..04
- અંતિમયાત્રામાં ઉપરામ અને બેહદ ....દાદી પ્રકાશમણિજી ..06
- અમૃતધારા ..................................દાદી જાનકીજી ..08
- મર્યાદાની રેખા ...........................બ્ર.કુ. જગદીશચંદ્ર ..09
- વિદેહી સ્થિતિ .........................દાદી હૃદયમોહિનીજી ..12
- દરેક કર્મનું ફળ મળે છે ..................બ્ર.કુ. સૂર્યભાઈ ..13
- તનાવ અને આપણી પ્રતિક્રિયા ........બ્ર.કુ. શિવાનીબેન ..14
- પરમાત્મા સાથે પ્રેમ યા ભય ..............બ્ર.કુ. ગીતાબેન ..15
- સિદ્ધિ સ્વરૂપ, રમતા યોગી .................બ્ર.કુ. કિશોર ..17
- જીવન સરોવરમાં સંતુષ્ટતાનાં કમળ ...બ્ર.કુ. સતીશભાઈ ..18
- નકારાત્મકને હકારાત્મક ...........બ્ર.કુ. ભગવાનભાઈ ..20
- આત્મિક સુંદરતા..........................બ્ર.કુ. હેમંતભાઈ ..22
- દિવ્યદર્શન ................................બ્ર.કુ. નંદિનીબેન ..24
- પ્રસંગ પરિમલ ..........................................................26
- કોરોનાથી કેન્સર સુધી ........................બ્ર.કુ. હેમાંગ ..30
- જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ .................બ્ર.કુ. નિરંજનાબેન ..32
- સમય છે સ્વયંને બદલવાનો. .........બ્ર.કુ. ગોદાવરીબેન ..34



**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડૉ. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 079 - 2762 0866**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની ભારતીદીદી**


**-:- વિશેષ નોંધ -:-**

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકે છે. તેમને જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના દરેક મહિનાના અંક મળશે. જેમનું લવાજમ જમા કરાવવાનું બાકી હોય, તેઓને સત્વરે જમા કરાવીને જાણ કરવા વિનંતી.

**આવશ્યક નોંધ**

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

Account No. : **71120100007677**

Bank Name : **BANK OF BARODA, Pushpkunj Branch** IFSC Code : **BARB0DBPUSH**


**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# સર્જન પ્રક્રિયા

સર્જન પ્રક્રિયા ભિન્ન ભિન્ન ક્ષેત્રો સાથે સંકળાયેલી છે. કુદરતે માનવનું સર્જન કર્યું. માનવે ભિન્ન ભિન્ન ક્ષેત્રે નવસર્જન કર્યું. સર્જન પ્રક્રિયા હકારાત્મકતા સાથે સંકળાયેલી છે. તેથી સર્જનમાંથી સુવાસ આવે છે. સર્જનાત્મકતા સાથે નકારાત્મકતા શોભતી નથી. પરમાત્મા માટે કહેવાયું છે કે 'जिसकी रचना इतनी सुंदर वह कितना सुंदर होगा।'

પરમાત્માનાં કાર્યો અને તેમના પાર્ટ સંબંધી ડ્રામાનું જ્ઞાન આપણને મળ્યું છે. તેથી આપણે અહીં કુદરત કે પ્રકૃતિ શબ્દનો ઉપયોગ કરીશું. કુદરતે માનવનાં ભિન્ન ભિન્ન અંગોનું સર્જન કર્યું છે. આજે અદ્યતન વૈજ્ઞાનિક શોધખોળોને કારણે શરીરનાં અંગો બદલવાનું, ઓપરેશન કરવાનું કાર્ય થાય છે. ત્યારે કુદરતે કરેલી જીભની રચના કેટલી અદ્ભુત છે. તેને બદલી શકાતી નથી. જીભમાં હાડકું ન હોવા છતાં કટુવાણીથી કેટલાંયનાં હાડકાં તોડી શકે છે. તો મીઠી વાણી મલમનું પણ કાર્ય કરે છે.

### અદ્ભુત સર્જન

અગ્નિ, પૃથ્વી, જળ, વાયુ, આકાશ પ્રકૃતિનાં આ તત્ત્વો સંતોની જેમ સજ્જન, દુર્જનની એકસરખી સેવા કરે છે. તેમાં નિયમિતતા, ગતિશીલતા છે. કલ્યાણકારી ભાવ છે. આમ છતાં માનવનાં વિકર્મોએ પ્રકૃતિને પણ તમોપ્રધાન બનાવી દીધી છે. આમ છતાં કુદરતની અદ્ભુત રચના - સર્જન અવર્ણનીય છે. તેનાં ઘણાં બધાં દૃષ્ટાંતોમાંથી માત્ર એક જ દૃષ્ટાંત જોઈએ.

એક જ ધરતી, એકજ ક્યારામાં ઉછરતાં ભિન્ન ભિન્ન રૂપ, રંગ, આકાર અને સુગંધની ભિન્નતા ધરાવતાં પુષ્પો કુદરતની કમાલ છે. શિયાળાની ઠંડીમાં એટલી શીતળતા છવાય જાય છે જે અગણિત એ.સી., કુલરથી સંભવી નથી. ઉનાળાની ગરમી અગણિત હીટરો પણ કરી શકતાં નથીં. પ્રકૃતિનાં ભિન્ન ભિન્ન ફળો, તેના રસમાં કેટલી ભિન્નતા છે. તેમાંય દ્રાક્ષ, કેરી વગેરેની કેટલી લોકપ્રિયતા છે.

પહેલાં જીવનધન્ય હતું. તેનું કારણ માનવ પ્રકૃતિ સાથે સંતાન જેવો ભાવ રાખતો. લક્ષ્મણની સૂશ્રુષા માટે જડીબુટ્ટી લેવા ગયેલ હનુમાન પ્રકૃતિની પૂજા કરીને તેનો સ્વીકાર કરે છે. કાલિદાસના 'શાકુંતલ' નાટકમાં શકુંતલા અને પ્રકૃતિ વચ્ચેની આત્મીયતાનો કવિશ્રી ઉમાશંકર જોશીએ સુંદર અનુવાદ કર્યો છે.

'પહેલી જે જળ ના પીએ,
નવ તમે પીધેલું હો ત્યાં સુધી,
વ્હાલાં આભરણોને તોયે ના
ચૂંટતી સ્નેહે કરી પલ્લવો,
બેસે પહેલીવાર જ ફૂલ તમને
જે ગણે ઉત્સવ, તે જ આ શકુંતલા
જાય પતિગૃહે આપો અનુજ્ઞા સહુ.'

યાદદાસ્તના આધારે આ પંક્તિઓ લખેલી છે. તેમાં લતા, વેણીઓ શકુંતલાને વીંટળાઈ વળીને ભેટે છે. માનવ અને પ્રકૃતિ વચ્ચેનો આવો અતૂટ સંબંધ સર્જકોએ વર્ણવ્યો છે. ભાવનાઓનું સર્જન પ્રકૃતિની મોટી દેણ છે. જંગલમાં આવેલા ઋષિમુનિઓનાં આશ્રમોમાં હિંસક પશુઓ આવતાં

આમ છતાં આ વાયુમંડળમાં એટલાં શીતળ બની જતાં કે હિંસકપણું ભૂલી જતાં.

## સર્જનની સમસ્યા

સર્જનની સમસ્યા એ છે કે માનવે સર્જનની ગરિમા ના સાચવી. તેનું વિસર્જન શરૂ કર્યું. પોતાના સ્વાર્થ, વિસ્તારના નામે અનેક વૃક્ષોનું નિકંદન નીકળી ગયું. તેટલાં નવાં વૃક્ષો ઉછેરાયાં નહીં. રાજનેતાઓએ ફોટો પડાવવા વૃક્ષારોપણ કર્યું. ત્યાં અમુક અપવાદો સિવાય વૃક્ષો ઉછર્યાં નહીં. એક કાળે પ્રકૃતિની છત્રછાયા શીતળ લાગતી. આ લખનારે અભ્યાસ વૃક્ષોની છાયામાં, ખેતરોની વચ્ચે કર્યો છે. તેથી અનેક વર્ષોના શહેરી વસવાટ છતાં પ્રકૃતિને જોઈને પ્રસન્નતા અનુભવાય છે. પ્રકૃતિના સાન્નિધ્યમાં આવતાં વર્ષો જૂના સ્નેહીઓને મળ્યાની અનુભૂતિ થાય છે.

અસ્ખલિત જળપ્રવાહ ધરાવતી નર્મદાની આવી હાલત કેમ થઈ? જેના કિનારે અનેક આશ્રમો છે. જેના વિશે ઘણાં બધાં પુસ્તકો લખાયેલાં છે. સદ્‌ગત અમૃતલાલ વેગડને તો નર્મદા સંબંધી પુસ્તક માટે એવોર્ડ મળેલો છે. પ્રકૃતિના સાન્નિધ્ય, પ્રકૃતિની છાયામાં રહેતા માનવોને સીમેન્ટ, કોંક્રીટના ભરચક જંગલોમાં રહેવું પડે છે. જ્યાં શ્વાસ પણ રુંધાય છે.

## શું ફરીથી આવો સમય આવશે?

સાંપ્રત પરિસ્થિતિમાં આશાનું કિરણ પ્રગટ્યું છે. પરમપિતા શિવ પરમાત્માએ આ ધરા પર દિવ્ય અવતરણ કર્યું. સતયુગના સર્જનનો આ અમૂલ્ય સમય ગાળો છે. સતયુગ એટલે પ્રકૃતિની અદ્‌ભુત ગરિમા. જે બ્રહ્માવત્સોએ અવ્યક્તવાણીઓનું આચમન કર્યું છે. તેઓ તો પરમાત્માના આ વિરાટ સર્જનથી અભિભૂત છે. નરકની દુનિયામાં રહેવા છતાં સ્વર્ગીય દુનિયાની અનુભૂતિ કરે છે. ઈશ્વરીય પરિવાર આવનારી નવી દુનિયાનો આભાસ કરાવે છે. જ્યાં નિઃસ્વાર્થ પ્રેમ, મન, વાણી, કર્મની એકરૂપતાવાળું જીવન છે. રુહાની, આત્મીય પ્રેમનો અહીં જે અનુભવ થાય છે તે બીજે ક્યાંય નથી. માત્ર સત્તા, સમૃદ્ધિ સાચું સુખ આપી શકતાં નથી. દિવ્યપ્રેમની વસંત તો સંગમયુગમાં જ પાંગરે છે.

## વ્યર્થથી મુક્તિ, સમર્થની સાધના

કુદરતની દિવ્યતાની અનુભૂતિ કરવા માટે તમામ પ્રકારના વ્યર્થથી મુક્ત થઈ આત્માને સ્વચ્છ બનાવવો પડશે. જ્યારે વ્યર્થની વિદાય થશે ત્યારે જ સમર્થનું આગમન થશે. માનવની કુદરત વિરોધી કામનાઓ માનવને સાચુ સુખ આપી શકતી નથી. ‘ઉજળું એટલું દૂધ નહીં, ચમકે એટલું સોનું નહીં.’ જે દેખાય છે તે અલ્પકાળનું છે. વિકારોને વશીભૂત થઈને કરેલાં કર્મો સ્થાયી સુખ આપી શકતાં નથી. વેરવિરોધ, બદલો લેવાની ભાવના અલ્પકાળનું સુખ આપે છે. પણ તે સ્થાયી સુખની અનુભૂતિ કરાવી શકતાં નથી. માત્ર એક જ વ્યક્તિ નહીં પણ અનેક આત્માઓની કલ્યાણકારી શુભ ભાવના, શુભકામના જ સ્થાયી સુખની અનુભૂતિ કરાવી શકશે.


॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

- **તમે શ્રીમંતાઈના વિચારો કરશો, તો શ્રીમંત બનવા માટેનાં કાર્યો તરફ તમારું મન દોરી જશે.**
- **એકબીજાની વિશેષતાઓને સ્મૃતિમાં રાખીને વિશ્વાસપાત્ર બનો તો સંગઠન એકમત બની જશે.**
- **મજબૂત મનુષ્ય એકાંતમાં વિકસે છે જ્યારે નિર્બળ ખરી પડે છે.**

# અંતિમયાત્રામાં ઉપરામ અને બેહદના વૈરાગી બનો

બ્ર.કુ. રાજયોગિની દાદી પ્રકાશમણિજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



આપણે સૌ બાબાના ઈશારાઓ જ્ઞાન મુરલી દ્વારા દરરોજ સાંભળતા રહીએ છીએ. પહેલાં તો બાબાએ આપણને કંગન બાંધ્યું કે તમારે પોતાની મનસાવૃત્તિથી વાયુમંડળને બદલવાની સેવા કરવાની છે. બાબાએ સૌના માટે આ અંડરલાઈનની વાત કહી કે એક સેકંડમાં પોતાના સંકલ્પોને એકાગ્ર કરો. પોતાની શ્રેષ્ઠ સ્થિતિ અને પાવરફુલ વૃત્તિ દ્વારા એવું વાયુમંડળ બનાવો. એક સેકંડમાં નિરાકારી, આકારી, સાકારી બનો. તો દરેક પોતાની એવી સ્થિતિનો અનુભવ કરો છો? બાબાએ કહ્યું, બાળકો જ્ઞાની તો બન્યા છો પણ જ્ઞાનસ્વરૂપ નહીં. વિઘ્નોનું કારણ બતાવ્યું કે ઈશ્વરીય લગન ઓછી છે. પરમાત્મ પ્રેમનો અનુભવ ઓછો છે. મૂળ તો બાબાનો ઈશારો છે કે એક સેકંડમાં સંકલ્પોને એકાગ્ર કરો. એવી પોતાની શ્રેષ્ઠ સ્થિતિ બનાવો. આ ઘણી મોટી મંઝિલ છે. પ્રેક્ટિકલમાં એનો અભ્યાસ ઓછો છે. જો એક સેકંડમાં સંકલ્પોને એકાગ્ર કરવાનો અભ્યાસ હોય તો કદી ઊંચી સ્થિતિથી નીચી સ્થિતિમાં, વાતાવરણના પ્રભાવમાં આવી નથી શકતા. હજુ સુધી આવો છો તો એ સિદ્ધ છે કે એકાગ્રતાની શક્તિ ઓછી છે.

આપણા સૌના માટે બાપદાદા સેંપલ છે. જે નિરાકારી, આકારી અને સાકારી સ્થિતિઓમાં સદા રહેતા અને બાળકોને પણ આ ઈશારો આપતા. તો હવે આ પુરુષાર્થની મહેનતની જરૂર છે. એવો અભ્યાસ હોય જેથી એનો પ્રભાવ વાયુમંડળ પર અથવા સાથીઓ પર પડે. એટલા માટે કોઈ વિધિવિધાન બનાવો. યોગમાં બેસતા હો પરંતુ પાવરફુલ સ્થિતિમાં સ્થિત થઈને બેસો તો શક્તિ જમા થાય અને આખો દિવસ તે શક્તિ કામમાં આવે. એવી માસ્ટર સર્વ શક્તિમાન સ્થિતિનો અભ્યાસ કરો.

બાબાએ કહ્યું છે સંગમયુગનો વિશેષ ખજાનો છે અતીન્દ્રિય સુખ તો નિરંતર આ સુખની અનુભૂતિ થાય છે? એની વિધિ બાબાએ સંભળાવી છે કે ન્યારા અને પ્યારા બનો. તો ક્યાં સુધી આપણે ન્યારા પ્યારા રહીએ છીએ. મારી એ શુભભાવના છે કે એકલા તો ભલે અભ્યાસ કરો, કમાણી કરો પરંતુ સમગ્ર સંગઠનને એનો સહયોગ મળવો જોઈએ. તો એવું ગ્રુપ બનાવો જે એકબીજાની મદદથી આવું વાયુમંજળ બની જાય, જેનાથી આવનાર પણ અનુભવ કરે કે અહીં દરેક આત્મા પરમાત્મ પ્યારમાં અતીન્દ્રિય સુખની અનુભૂતિઓમાં મગ્ન છે. એટલા માટે પ્રેક્ટીસ કરવાની છે. સેકંડમાં ફૂલ સ્ટોપ કરાવવાની. એકાગ્ર થઈને વતનમાં બેસી જાય. જેને બાબા કહે છે નિરંતર યાદ હોય. આ મંત્રો મુરલીઓમાં રોજ આપણે સાંભળીએ છીએ. પરંતુ હવે તેનો પ્રભાવ આપણી સ્થિતિ પર હોય. કર્મ કરવા છતાં પણ આપણે નિરંતર યોગી રહીએ. એની પ્રેક્ટીસ કરો. ઓછામાં ઓછા 6 કલાક આ અભ્યાસ માટે કાઢો. દિનચર્યા બનાવો. ચાલતા ફરતાં કર્મ કરતાં પણ પોતાની આવી સ્થિતિ બનાવો. દિવસમાં ચાર પહર 6-6 કલાકની હોય છે તો એક પહરનો આ પુરુષાર્થ હોય એનું દરેક કંગન બાંધો. જેમ બાબાએ કહ્યું છે સવારે 4 થી 8 વાગ્યા સુધી કોઈપણ વિશેષ

વ્યવહારમાં ના આવો. એ સમયે મૌનમાં રહો. પછી રાત્રિના સમયે પણ મૌનમાં રહી શકો છો. એટલે મારો વિચાર છે કે ખાસ 21 દિવસનો આવો પ્રોગ્રામ બનાવો. જેમ જૈનીઓનો ચતુર્માસ હોય છે તો ખાસ સાધના કરે છે. વ્રત રાખે છે, મૌનમાં રહે છે કંઈને કંઈ એકસ્ટ્રા જપ તપ કરે છે. કદી બહાર જતો નથી. ભલે તે હઠથી થશે. આપણે સહજયોગી છીએ પણ આપણે પણ સ્વયંના સંસ્કારોને બદલવા માટે યોગસાધના જરૂર કરવી જોઈએ. આપણે કરીશું તો આપણને જોઈને બીજા કરશે. તો હવે દૃઢ સંકલ્પની શક્તિ વધારો, ત્યારે મનસા સેવા જે અંતિમ સેવા છે. એનાં પ્રત્યક્ષ પ્રમાણ દેખાય આવશે. તો હવે એવો પાવર સ્વયંમાં દરેક ભરે જેનાથી મનસા સેવા થઈ શકે. આ વિધિથી આપણે વિકલ્પો અને વિકર્મોથી મુક્ત થઈ શકીશું. અથવા ક્રોધમુક્ત આદિનો જે પુરુષાર્થ કરે છે તે સહજ બની જશે.

આપ સર્વને એક સંકલ્પ સંભળાવું છું. ખબર નથી આપને પણ આવે છે યા નહીં. મને તો રોજ આવે છે. જાણે બાબા કાનોમાં કંઈક કહી રહ્યા છે બાળકો એવરરેડી બનો. ડ્રામાને પણ જોતાં જ્ઞાનના હિસાબથી પણ હવે 5 હજાર વર્ષનું ચક્ર પૂરું થવામાં છે. તો એ સંકલ્પ આવે છે કે હવે ટૂ લેઈટનું બોર્ડ લાગવાનું છે. એ પણ દેખાય આવે છે કે હવે ધર્મરાજનો પાર્ટ જલદી ખૂલવાનો છે. એડવાન્સ પાર્ટી પણ જઈ ચૂકી છે. એમની પણ તૈયારીઓ પૂરી થઈ ચૂકી છે. સર્વ મહારથીઓને બાબાએ અચાનક બોલાવી લીધા. હવે આપણે અહીં ક્યાં સુધી રહેવાનું છે સર્વ દાદીઓની વાનપ્રસ્થ અવસ્થા પણ જોઈ રહ્યા છો. જ્ઞાન સરોવર, શાંતિવન, બાબાનાં એશલમ સ્થાન અથવા અંતિમ યાત્રાનાં સ્થાન પણ બનીને તૈયાર થઈ ગયાં છે. અંતમાં સૌને યોગકિરણો દેખાશે. એશલમ બનશે. તો રોજ બાબાનું વાક્ય કાનોમાં એ કહે છે કે, બાળકો, હવે અંતિમયાત્રાની તૈયારી કરો. પોતાના સર્વ સાથીઓને તૈયાર કરો. સેવાઓ તો બાબા એની મેળે જ કરાવશે. સેવા તો ચરણોમાં એની મેળે જ આવશે. સર્વીસ પાછળ તો બહુ જ પ્લેન, પ્રોગ્રામ બનાવ્યા. પુરુષાર્થ કર્યો. સર્વીસ તો ચાલતી જ રહેશે. આવી સર્વીસ માટે જી-જાન લગાવ્યું. આ રીતે હવે પોતાની સ્થિતિઓ બનાવો. અવ્યક્ત સ્થિતિમાં સ્થિત રહેવાનો અભ્યાસ કરો. હવે દરેક તૈયાર થઈ જાઓ. હવે સર્વીસ પ્લેનની મીટીંગ નહીં પણ પોતાની ઊંચી સ્થિતિ બનાવવાની મીટીંગ કરો. એવી ઊંચી સ્થિતિ હોય કે જે નાની મોટી વાતો આવે છે તે એની મેળે જ ખતમ થઈ જાય. તો હવે એવો સંકલ્પ લો જેથી દિવાળી સુધી એની પ્રેક્ટીકલ સાબિતી આપી શકીએ. આ રીટર્ન આપણા બાબા સુધી પહોંચે. એના માટે ઉપરામ રહો, વૈરાગી બનો અંડર ગ્રાઉન્ડ ચાલી જાઓ. અલબેલાપણાને દિલથી છોડી દો. એકાગ્રતાનો અભ્યાસ કરો. તો આપણને વારંવાર બાબાનો અવાજ સંભળાશે. બાળકો, હવે ઉપરામ બનો. એવો વૈરાગ્ય આવે છે? એવું લાગે છે કે આ જીવનની અંતિમયાત્રા છે? એવી ફીલીંગ આવે છે? મને તો રોજ આવે છે. એટલા માટે ખ્યાલ ચાલે છે કે હવે બાબાનાં સર્વ બ્રાહ્મણ બાળકો વ્યર્થથી મુક્ત થઈને ઉપરામ બની જાય. પોતાના સંકલ્પ, શ્વાસ, સમયને સફળ કરી લો. વ્યર્થ ના ગુમાવો.

॥ ઓમશાંતિ ॥

## અમૃતધારા

# મારી શુભ ભાવના છે...

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



સાકારમાં બાબાએ અમને જે પ્રેમ કર્યો હતો તે અત્યારે પણ કરી રહ્યા છે. આપણા બાબા કેટલા વન્ડરફુલ (અદ્‌ભુત) છે. હું જોઉં છું કે આખા દિવસમાં બાબા ઓમશાંતિ શબ્દ કહેવડાવે છે. ઓમશાંતિનું ઉચ્ચારણ એ નામરૂપથી ન્યારા બનવાની એક સુંદર વિધિ છે. આપ સૌ જ્યારે મને દાદી કહો છો તો હું વિચારું છું. આ આપે ક્યારથી કહેવાનું શરૂ કર્યું. જ્યારે દાદી શબ્દ સાંભળું છું. તો લાગે છે કે મારે આવી સ્થિતિમાં રહેવાનું છે. કારણ કે સમગ્ર વિશ્વ માટે બાબાએ મને નિમિત્ત બનાવી છે. બાબાએ અમને વિદેશ મોકલવાની પ્રેરણા આપી. હું એમ નથી કહેતી કે હું તો કરું છું. એમની મરજી. એમ નહીં. મારી અવસ્થા એવી હોય કે દિલમાં સચ્ચાઈ અને પ્રેમની ભાવના છે કે દરેક બાબાનો બાળક (બ્રહ્માવત્સ) બાબાની સાથે રહે. એક પળ માટે પણ બાબાથી દૂર રહેવાનું નથી. કારણકે દરેકનો પોતાનો પાર્ટ છે. એટલે ન્યારા બનવાનું છે પણ બાબાથી ન્યારા બનવાનું નથી. એવું નહીં કે આ કહે, તો હું કરું, નહીં. દરેક આત્માનો પાર્ટ પોતપોતાનો છે, પરંતુ આટલી સારી સ્થિતિ બનાવવા માટે અંદરની બાબા પ્રત્યેની લગન તેજ હોય. જેટલા આપણે યાદમાં રહીશું તેટલી આપણાં વાયબ્રેશનથી સેવા થશે. તો આપ સૌ બાબાનાં બાળકો સમજે કે હું જવાબદાર છું. સમગ્ર વિશ્વને ખબર પડે કે આવી શાંતિ ક્યાંથી આવી રહી છે. શાંતિનાં વાયબ્રેશન ક્યાંથી આવશે? આપણાથી જ આવશે ને? કદી અભિમાનમાં આવીને એવું ના વિચારો કે હું તો પુરુષાર્થ કરી જ રહી છું, ના. જરા પણ અભિમાનનો અંશ હોય તો પોતાને ચેક કરો અને ચેન્જ કરો. સંગમયુગનો સમય છે તો મારી આ ભાવના છે. મારી બીજી કોઈ ભાવના નથી.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 14નું અનુસંધાન)... પ્રસન્નતાના પથ**

નાડીને તપાસો કે કેવા વિચાર ચાલી રહ્યા છે. એની ગતિ કેવી છે. એવું તો નથી ને કે ગતિ બહુ ઝડપી છે. જ્યારે હૃદયની ગતિ વધી જાય છે તો આપણે તરત જ કહીએ છીએ કે કોઈ બીમારી છે. પણ હૃદયની ગતિ ઝડપી કેમ બની? વીતેલા સમયના બીજા નકારાત્મક કક્ષાના વિચાર મનમાં ચાલી રહ્યા છે. જેને કારણે હૃદયની ગતિ ઝડપી થઈ છે. જ્યારે મનનો બોજ શરીરને પ્રભાવિત કરી દે છે ત્યારે આપણને લાગે છે કે શરીરનો ઈલાજ કરવો જરૂરી છે. એ ઘડીએ જ જો એને સારો કર્યો હોત તો શારીરિક સ્તર પર આવેજ નહીં.

કોઈપણ પરિસ્થિતિમાં આપણે કયા પ્રકારે વિચારીએ છીએ, કઈ રીતે વ્યવહાર કરીએ છીએ એ આપણા વશમાં છે. બીજું કંઈ મારા વશમાં નથી. પણ એવું મેં વિચાર્યું તે મારા હાથમાં નથી જેના ફલસ્વરૂપે સર્વ કાંઈ નિયંત્રણની બહાર ચાલ્યું ગયું. પછી એમ કહીએ છીએ કે મારો શ્વાસ, પરીક્ષા, પાઠ્યક્રમ મારા હાથમાં નથી પણ એનો જવાબ કઈ રીતે આપવાનો તે તો મારા હાથમાં છે.

**॥ ઓમશાંતિ ॥**

# મર્યાદાની રેખા

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



મનુષ્યના પારિવારિક અને સામાજિક જીવનમાં મર્યાદાનું એક આગવું મહત્ત્વ છે. માત્ર સંસદ (Parlament)માં શિષ્ટતા - સન્માન તથા બંધારણને અનૂકુળ વ્યવહારને જ મર્યાદા કહેવાતી નથી પણ ઘર, પરિવારમાં, વ્યાપાર-કારોબારમાં, મિત્ર મંડળીમાં, અડોસ-પડોશમાં સગા-સંબંધીઓમાં, દેશ અને પ્રદેશોમાં એટલે કે દરેક કાર્યક્ષેત્ર અને સંબંધક્ષેત્રમાં મર્યાદા પાલન કરવા યોગ્ય છે. જો કે મર્યાદા કોઈ કાનૂન (Law) નથી અને પાપપુણ્યની પરિભાષા પર આધારિત કોઈ આચારસંહિતા પણ નથી. પારસ્પારિક સંબંધોમાં કલહ કલેશની સ્થિતિને પેદા થતી રોકવા માટે તથા કાર્યને સુચારુ રીતે ચલાવવા માટે તથા સમાજમાં સુમેળ, સામંજસ્ય સ્નેહ અને વ્યવસ્થા જાળવી રાખવા માટે આવશ્યક છે. વાસ્તવમાં મર્યાદા જળવાઈ રહે તો કાનૂન અને દંડસંહિતાની આવશ્યકતા જ રહેતી નથી. તનાવથી બચવા માટે ડોક્ટર તથા ગોળીઓની પણ જરૂર પડશે નહીં. પરસ્પર મતભેદ, ટકરાવ યા ભાવસ્વભાવને કારણે પેદા થતી અલગતાવાદની ભાવના રહેશે નહીં. મર્યાદા એક એવો કાયદો છે જેમાં ફાયદો જ છે. તે એકબીજા સાથે સજ્જનતા અને સન્માનથી વ્યવહાર કરવાની વણલખી સમજૂતી (Un-Written Agreement) છે.

## મર્યાદા વગર સમાજ તુચ્છ

જેમ કોઈ મશીનના દાગીનાઓને સારી રીતે ચલાવવા માટે, સાફ રાખવા અને ગ્રીસ - ઓઈલ લગાડવાની જરૂર હોય છે. તે રીતે માનવ સમાજમાં વ્યક્તિઓ વચ્ચેના સંબંધોને સ્નિગ્ધ બનાવવા માટે મર્યાદાની જરૂર છે. જેમ ખાવામાં વારંવાર રેતી, કાંકરા, જંતુ વગેરે આવે તો ખાવાનું પડતું મૂકવાની ઈચ્છા થાય છે. તે રીતે મર્યાદા વિનાના જીવનમાં પણ આવી જ સ્થિતિ જન્મે છે. જેથી જીવન જીવવા યોગ્ય રહેતું નથી. મિઠાઈઓ તેના યોગ્ય સ્વરૂપમાં જ સારી લાગે છે તે રીતે જીવનમાં સુખની સામગ્રી હોવા છતાં પણ મર્યાદા ન હોય અને એને બદલે અમર્યાદા આવી ગઈ તો જીવન તુચ્છ, ત્યાજ્ય અને સડેલા જેવું લાગે છે. જેમ મનુષ્ય ગોરા રંગનો હોય, તેનામાં લાલિમા હોય મુખાકૃતિ સુંદર હોય, એણે કોટ પેન્ટ અને નેકટાઈ પણ પહેરેલી હોય તેનાથી સુંદર લાગતો હોય પણ અંદરથી મેલો, બેડોળ, ચરિત્રહીન અને ગુપ્તવેશમાં ચોર હોય, ડાકૂ યા ભયંકર રોગથી પીડિત હોય તો તે વ્યક્તિ આપણને ગમતી નથી. એ રીતે જ સમાજના વિભિન્ન સ્તરોમાંથી જો મર્યાદા નષ્ટ થઈ ગઈ હોય તો તે સમાજ કચરાના ઢગલા જેવો લાગે છે. યા મતલબી, ચાલબાજ અને નકામા લોકોનો એક સમૂહ માત્ર જ લાગે છે. જોવામાં તો બધા તિલકધારી પંડિત હોય, ખભા ઉપર એમણે રામ-રામ લખેલો ખેસ રાખ્યો હોય, હાથ યા બગલમાં પોથી હોય, મુખમાં તેઓ રામ-રામ બોલે પરંતુ મનમાં એમના મતલબની મૂર્તિ હોય યા પૈસાની પ્રતિમા હોય તો તે પંડિત મંડળી શોભતી નથી. એમની પાસેથી કથા સાંભળવાનું મન પણ થતું નથી. એ રીતે જે લોકો પાક્કા સ્વાર્થી છે અને જેમના મનમાં પોતાના જ માનશાનની

ઉત્કટ ઈચ્છા હોય એ માટે તે સજ્જનતા. ભદ્રતા અને મર્યાદાની હત્યા કરવા માટે તૈયાર થતા હોય, તો તેઓ સમાજના ધ્વંસ માટે નિમિત્ત બને છે અને સમાજને નિકૃષ્ટ (નીચલી કક્ષાનો) બનાવી દે છે.

## મર્યાદા વિના જીવન ચલાવવું મુશ્કેલ

આ કલિકાળમાં પણ દરેક દેશની સરકારમાં દરેક કર્મચારી યા અધિકારીનું પોત-પોતાનું સ્થાન અને માન (Protocol) હોય છે. મંત્રીનું સ્થાન પોતાનું, સચિવ (Secretary)નું પોતાનું, ક્લાર્કનું પોતાનું અને પટાવાળાનું પોતાનું સ્થાન હોય છે. આમ તો બધા મનુષ્ય છે અને એ સંબંધે સર્વની સાથે વ્યવહાર થવો જોઈએ પરંતુ જ્યારે અધિકારી કાર્યાલયમાં આવે છે તો પટાવાળો ઊભો થઈને નમસ્તે કરે છે અને દરવાજો ખોલી દે છે. એનો એ અર્થ નથી કે અધિકારી અભિમાનમાં આવી જાય યા પટાવાળાને ધમકાવીને વાતો કરે. પરંતુ એનો એટલો જ ભાવ છે કે પટાવાળો આવેલી વરિષ્ઠ વ્યક્તિનો આદર કરે. આ તો વર્તમાન સમયની પરિપાટી છે. દેવી-દેવતાઓની મર્યાદા એનાથી ભિન્ન હોઈ શકે છે. પરંતુ જો 'મર્યાદા' જ ન હોય તો સંઘર્ષ અને મતભેદ થાય છે. રાજાભોજનું સ્થાન પોતાનું અને 'ગંગૂ-તેલી'નું સ્થાન પોતાનું હોય છે. આ વાતનો ઈન્કાર થઈ શકે તેમ નથી. મર્યાદા વિના તો રેલગાડી પાટા ઉપરથી નીચે ઊતરી જાય અને દુર્ઘટના થઈ જાય. સમુદ્ર જો મર્યાદા છોડી દે તો નગર અને ગામો ડૂબી જશે અને વસ્તી છે ત્યાં વેરાન થઈ જશે. એટલા માટે વડીલો અને વૃદ્ધોએ, ધર્માચારીઓએ અને હિતેચ્છુઓએ મર્યાદાથી ચાલવાની વાત કહી છે. યોગીઓની મર્યાદા તો સર્વ સભ્યતાઓ દ્વારા પાલન કરવામાં આવતી મર્યાદાઓથી શ્રેષ્ઠ હોવી જોઈએ.

ઈશ્વરીય જ્ઞાન અનુસાર આપણે સર્વ આત્માઓ ભાઈ-ભાઈ છીએ. બ્રહ્માવંશાવલી હોવાને લીધે ભાઈ-ભાઈ, ભાઈ-બહેન અથવા બહેન-બહેન છીએ. પરંતુ પાંચે આંગળીઓ કહેવાય છે તો આંગળીઓ અને જોડાયેલી પણ સાથે જ છે છતાં પણ તેમનું એક જ સ્થાન અને એક જ કર્તવ્ય નથી, તે પણ પોતપોતાની જગ્યાએ હોય છે. કોઈ નાની હોય છે તો કોઈ મોટી, અને દરેકનું કાર્ય પણ અલગ અલગ છે. કોઈ આંગળી તિલક કરવા માટે અથવા વીંટી પહેરવા માટે નિમિત્ત બને છે તો કોઈ અંગૂઠા રૂપે એ વ્યક્તિની ઓળખાણ માટે, લાખો તથા કરોડો રૂપિયાના લખાણ પર નિશાન લગાવવા માટે નિમિત્ત બને છે. તેથી ભાઈ-ભાઈ યા ભાઈ-બહેન યા બહેન-બહેન હોવા છતાં પણ પારસ્પરિક સંબંધોમાં દરેકના સ્થાન અને કર્તવ્ય અનુસાર દરેકનું પોતપોતાનું સ્થાન હોય છે. એટલા માટે બાબા હંમેશા કહેતા હતા કે સર્વ બાળકો 'નંબરવાર' છે. વળી દૈવી રાજ્ય કાયદાથી ચાલે છે. બાબા કહે છે 'બાળકો, सर्व खलु ईदं ब्रह्मं થી તો રાજ્ય ચાલી ન શકે અને સૃષ્ટિનો કારોબાર અટકી જાય.'

## મર્યાદાવિહીન સમાજ - સંસ્થા છિન્ન ભિન્ન

તેથી ઈશ્વરીય જ્ઞાન અને યોગમાર્ગ પર ચાલનારાં બહેન-ભાઈઓએ જ્યાં પોતાના આધ્યાત્મિક નિયમોનું પાલન કરવાનું છે, ત્યાં મર્યાદાઓનું પણ પાલન કરવાનું છે. ઉત્તમ મર્યાદા જ આપણને 'મર્યાદા પુરુષોત્તમ' બનાવશે. મર્યાદા તોડવાથી કલહ-કલેશ પેદા થાય છે, શિસ્ત તૂટે છે પ્રશાસન પણ છિન્ન ભિન્ન થઈ જાય છે. સર્વ નિયમો કાગળ ઉપર જ લખેલા રહી જાય છે. તેથી જે સમાજ અથવા સંસ્થામાં મર્યાદાનો ભંગ થાય છે. તે ટીકા, મજાક યા લોકોની દયા અથવા સ્વયં પશ્ચાતાપ માટે નિમિત્ત બને છે. મર્યાદા જ કોઈ વ્યવસ્થાની શોભા હોય છે. મર્યાદા કોઈ

પરિવારની પ્રતિષ્ઠાનું કારણ બને છે. કોઈ કુળને ગાયન યોગ્ય બનાવે છે અને કોઈ રાજ્યને ઉદાહરણ યોગ્ય સ્થાન આપે છે.

## મર્યાદાનું પાલન કરવા અને કરાવવા માટે મોટાઓનું કર્તવ્ય

સ્વયં મર્યાદા અનુસાર ચાલવું અને સ્વયંની નીચેની રેખાવાળી વ્યક્તિઓને મર્યાદા અનુસાર ચાલવા માટે પ્રેરિત કરવા, શિક્ષણ આપવું, પ્રોત્સાહન આપવું, સાવધાન કરવા, વચનબદ્ધ કરવા યા એનામાં ઉલ્લંઘનને રોકવા માટે સાધન-બંધારણ અપાવવું આ મોટાઓનું કાર્ય છે. જો તેઓ દરેક સાથે ન્યાયથી, સ્નેહથી, સહાનુભૂતિથી યા કર્તવ્યપૂર્વક વ્યવહાર નથી કરતાં તો તેઓ રેખાની નીચેનાઓને મર્યાદા ભંગ કરાવવા માટે લાચાર બનાવે છે. એમની પાછળ ચાલનારાઓનું એ કર્તવ્ય છે અને એમનો એ સઘન પ્રયાસ પણ હોવો જોઈએ કે તેઓ સંયમનું પાલન કરે અને મર્યાદાની રેખાની અંદર રહે. પરંતુ જો તેઓ નિયમોનું ઉલ્લંઘન કરે છે તો મોટાઓએ એ જોવું જોઈએ કે જો કોઈ મર્યાદા પાલનની ઈચ્છા વિરુદ્ધ મર્યાદાઓનો ભંગ કરે છે તો તેનું શું કારણ છે? શું ઉપરથી તો મર્યાદા ભંગ નથી થઈને? જો ઉપરથી મર્યાદાનો ભંગ ન થયો હોય તો નીચે મર્યાદા ભંગ કરનારાઓને ચલાવવાનું વલણ કદાચ એવું હોય કે અવ્યવસ્થાનો દોષ સર્જાતાં તેઓ મર્યાદાનો ભંગ કરવા લાગ્યા હોય. જો એમ ન હોય તો પોતાની દૂષિત પ્રવૃત્તિઓને લીધે તેઓ મર્યાદા ભંગ કરતાં હોય. ત્યારે તો એમની આવી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓને અટકાવી દેવા માટે ઉપાયો કરવાની જરૂર પડે. કડિયો ચણતર કામ કરતાં ચણતર બરાબર થાય છે તેનું ધ્યાન રાખે છે તે રીતે કોઈ પણ દેશ, સમાજ યા સંસ્થાના નિર્માતાઓએ એ જોવું જોઈએ કે ક્યાંક ઈમારત વાંકી તો નથી બનીને? એમ હશે તો તે એક દિવસ પડી જશે અને એમાં નિવાસ કરનારાઓને મોતને ઘાટ ઉતારશે.

દરેક દેશ, સરકાર, સંસ્થા યા પરિવારના લોકોને એ ખબર છે કે રાષ્ટ્રપતિ, વડાપ્રધાન યા મેયરનું સ્થાન શું છે. માતાપિતા, વરિષ્ઠ ભાઈ-બહેન અથવા અનુજોનું પણ નંબરવન શું સ્થાન છે? એની ખબર જ ના હોય તે ખતરનાક છે અને એની ખબર હોય પણ મર્યાદા છોડીને એકબીજાને ધક્કો મારીને બહાર કાઢવા યા એવો પ્રયત્ન કરવો તે ખતરનાક છે અને આમ ન કરતાં પણ મર્યાદાનું વિવિધરૂપથી ઉલ્લંઘન કરવું એ પણ ભયાનક સ્થિતિ જન્માવે છે. મર્યાદા ન જળવાતાં કોઈ હડતાલ પાડે છે, સૂત્રોચ્ચાર કરે છે, મોટાઓને અપમાનિત કરે છે અને સ્વાર્થવશ પોતાના માનશાનનો ઝંડો ફરકાવવા શોરબકોર કરે છે. દેશ અને સમાજમાં આ રીતે હાહાકાર મચી જાય છે. આ હાલ નાના પાયા ઉપર પરિવારોનો, કાર્યાલયોનો તથા સંસ્થાઓનો પણ થાય છે. પુરાણમાં કલિયુગનાં બતાવેલાં લક્ષણો પ્રમાણે કન્યા મોઢેથી વર માંગે, કોઈ સમાજ યા સંસ્થાના લોકો પોતાના માટે સત્તા માગવાનું શરૂ કરે, તો સમજવું જોઈએ કે આવા લોકો કલિયુગની સ્થાપના કરનારા છે.

હવે શિવબાબાની એ કમાલ છે કે તેઓ આપણને આ અમર્યાદાઓથી માહિતગાર કરીને ઉત્તમ મર્યાદાઓમાં ચલાવી રહ્યા છે. આ મર્યાદાઓનું પાલન કરવું એ જ પ્રીતબુદ્ધિ વ્યક્તિનું લક્ષણ છે અને તેનું પાલન ન કરવું તે વિપરીત બુદ્ધિનું લક્ષણ છે. આ સમજણ આપણને મળેલી છે. એને સામે રાખીને હવે દરેક પોત પોતાના સ્થાન અને સંબંધ અનુસાર ઉત્તમ મર્યાદાનું પાલન કરવું જોઈએ.

(અનુસંધાન પેજ નં. 29 પર)

# વિદેહી સ્થિતિ

## રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ



બાબાએ કહ્યું છે બાળકો લાઈટ હાઉસ બનો તો લાઈટ હાઉસનું કામ શું હોય છે? ચારે બાજુ રોશની આપવી. આ સમયે દુનિયાના સર્વ આત્માઓની ઈચ્છા છે કે સદા સુખી રહે, સદા શાંત રહે. સાધારણ અશાંતિથી શાંતિ તો સૌ લોકો સમજે છે. પરંતુ આપણી સ્થિતિ એવી હોવી જોઈએ જેથી મન નેગેટિવ યા વ્યર્થ સંકલ્પોમાં ન જાય. પછી એ સમર્થ સંકલ્પોના વાયબ્રેશન એની મેળે આવે છે. બાબા જ્યારે આવે છે તો વાયબ્રેશન સારાં લાગે છે, શા માટે? કારણ કે તે સાગર છે. જ્ઞાનના, સર્વશક્તિઓના સાગર છે. એનું વાયુમંડળ ચારે બાજુ ફેલાય છે. તો એ રીતે આપણે સૌએ પણ લાઈટ હાઉસ બનીને વાયુમંડળ ફેલાવવાનું છે. તે હદની રોશની ફેલાવનાર લાઈટ હાઉસ તો કોમન છે. પરંતુ રુહાની લાઈટ હાઉસ એ બની શકે છે જેનામાં સર્વ શક્તિઓનો સ્ટોક હોય. તો પોતાનામાં જ નહીં હોય તો બીજાઓને કઈ રીતે આપી શકશે? અને લાઈટ હાઉસની લાઈટ પાવરફુલ હોય છે. તો એટલી શક્તિઓ જમા કરીને, લાઈટ હાઉસ બનીને વાયુમંડળનું પરિવર્તન કરવાનું છે. વિશ્વ પરિવર્તનની ઘણી મોટી જવાબદારી છે. તો બાબાએ આ જે જવાબદારી આપી છે, તે આપણે અવશ્ય નિભાવવી જોઈએ. કેટલાક સમજે છે કે અમે તો ઘણા બીઝી રહીએ છીએ. એટલે પાવરફુલ યોગ કરી શકતા નથી. વિદેહી બનવું, અશરીરી બનવું યા કર્માતીત બનવું - આ તો બહુ ઊંચી મંઝિલ છે. તે માટે જો આપણે અત્યારથી જ તૈયારી કરીએ તો લાસ્ટમાં આપણને તૈયારી મદદરૂપ બનશે.

વિદેહી એટલે એ નહીં કે દેહથી એકદમ ન્યારા બની જઈએ. પછી તો શરીર છૂટી જશે. વિદેહીનો અર્થ જ છે કોઈપણ દેહની કર્મેન્દ્રિયો પછી તે સાંભળનારી હોય, જોનારી હોય આ કોઈ પણ કર્મેન્દ્રિયો આપણને દેહભાનમાં ન લાવે. અર્થાત્ દેહની કોઈપણ કર્મેન્દ્રિયો આપણને પોતાની તરફ આકર્ષિત નહીં કરે. વશમાં નથી તો કોઈને કોઈ વિશેષ કર્મેન્દ્રિયો જે હોય છે તે પોતાની તરફ ખેંચે છે. તો દરેકે પોતાની ચેકીંગ કરવી જોઈએ કે મોટેભાગે કઈ કઈ કર્મેન્દ્રિયો મારા કંટ્રોલમાં નથી જે કન્ટ્રોલમાં નથી તે અંતમાં દગો કરશે. તો વિદેહી ત્યારે બનીશું જ્યારે સર્વકર્મેન્દ્રિયો કન્ટ્રોલમાં હોય.

**॥ ઓમશાંતિ ॥**

---


**(પેજ નં. 13નું અનુસંધાન)... દરેક કર્મનું ફળ**

ઈશ્વર સાથે સંબંધ નથી. આ બધું ઓટોમેટીક ચાલ્યા કરે છે. નહીંતર તો ભગવાનને બહુ મોટી ઓફિસ ખોલવી પડે. આપણે જે કર્મ કરીએ છીએ તેનું જે ફળ મળે છે તેને જ ભાગ્ય કહેવાય છે. જેણે સારાં કર્મો કર્યાં હોય તેનું બધી જગાએ સારું જ ફળ મળે છે. લોકો કહે છે માનવ તો બહુ સારો છે પણ કેવું ભાગ્ય લઈને જન્મ્યો છે. આગળ પાછળનાં કર્મો આપણા જીવનમાં સારો કે ખોટો પ્રભાવ પાડે છે. વર્તમાન સમયમાં આપણે સારાં જ કર્મો કરવાં જોઈએ.

**॥ ઓમશાંતિ ॥**

# દરેક કર્મનું ફળ મળે છે

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



**પ્રશ્ન** - એકવાર ભગવાને નારદજીને પૂછ્યું કે તમે ત્રણે લોકોમાં ફરો છો તો તમે એવી કોઈ ઘટના જોઈ છે જેથી તમને મૂંઝવણમાં મૂકી દીધા હોય?

**ઉત્તર** - નારદજીએ કહ્યું કે હું ફરતો રહું છું પણ કાલે મેં જોયું એનાથી ખરેખર મૂંઝવણમાં મૂકાયો. કાલે હું એક જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો. એક ગાય કીચડમાં ફસાઈ ગઈ હતી. એક ચોર ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. તેણે જોયું કે ગાય કીચડમાં ફસાઈ ગઈ છે. એને મદદ કર્યા વગર તે ગાયના ઉપરથી પસાર થઈ ગયો. જ્યારે તે આગળ ગયો તો એને સોનામહોરો ભરેલે ચરુ મળ્યો. મને આશ્ચર્ય એ વાતનું થયું કે આવું કર્મ કરવા છતાં તેને સારું ફળ મળ્યું. ચરુ મળ્યો. પછી મેં જોયું કે એક વૃદ્ધ સાધુ ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. એણે જોયું કે ગાય કાદવમાં ફસાઈ ગઈ છે. સાધુ વૃદ્ધ હતા આમ છતાં એણે પૂરી તાકાતથી ગાયને કીચડમાંથી બહાર કાઢી. થોડું આગળ જઈને સાધુ ખાડામાં પડી ગયો. એને શરીરના કેટલાયે ભાગોમાં વાગ્યું. સાધુને બહુ તકલીફમાં જોઈને મને લાગ્યું કે આ કેવો ન્યાય છે? સારા કર્મનું ફળ સારું જ મળે છે. ત્યારથી હું મૂંઝવણમાં છું. પ્રભુ આ કેવો ન્યાય છે, કેવી લીલા છે. પ્રભુ એ હસીને કહ્યું કે એના નસીબમાં સોનામહોરોનો ચરુ મળે તેવું લખ્યું હતું. પણ વૃદ્ધ સાધુના નસીબમાં મૃત્યુ લખેલું હતું. એણે સારું કામ કર્યું તેથી તેને મોતના મળ્યું, માત્ર ઈજાઓ જ થઈ. મનુષ્ય જે સારાં કર્મો કરે છે તેનું સારું ફળ તો મળે જ છે. કેટલાક લોકો પાપ કરવા છતાં પણ સારું જીવન જીવે છે. આ કર્મોની ગહન ગતિ છે.

**પ્રશ્ન** - એવી ચીજો છે જે ખરેખર એમાં બહુ ગુહ્યતા સમાયેલી છે? આપણા ચિંતનને પણ ગુહ્ય બનાવી દે છે ?

**ઉત્તર** - અમારી પાસે આવા પ્રશ્નો આવે છે. લોકો પૂછે છે બાબાના બનવા છતાં અમારી સામે ઘણી મુશ્કેલીઓ આવી ગઈ. અમે તો પહેલાંથી જ સારા હતા. કેટલીક વાર એવું બન્યું છે કે અમે સારાં સારાં કર્મો કર્યાં છતાં તેનું ફળ સારું નથી મળતું. આ માટે પરમાત્માનો ઉત્તર છે કે એના કારણે એમના શિરે પાપનો જે બોજો હતો તે ઓછો થઈ ગયો છે. કર્મની ગતિમાં અવિશ્વાસ રાખવાની જરૂર નથી. જ્યારે હું એના ઉપર ગહનતાથી વિચાર કરું છું ત્યારે મને લાગે છે કે તેમાં કોઈ શક્તિ લેણદેણ કરતી નથી. આ ઓટોમેટીક છે. જે કર્મ આપણે કરીએ છીએ એની શક્તિ આપણા બ્રેઈનમાં છપાતી રહે છે જ્યારે તે વર્તનમાં આવે છે તો એનું પરિણામ જોવા મળે છે. આને કોઈ બદલી શકતું નથી. એટલે કર્મની ગુહ્ય ગતિને જાણીને આપણે એ વિચારવું જોઈએ કે મારી સાથે જે થઈ રહ્યું છે તે બરાબર થઈ રહ્યું છે. મારે તે સહન કરી લેવાનું છે. હવેથી સારાં કર્મો કરીએ જેથી આપણું ભવિષ્ય સુંદર બને.

**પ્રશ્ન** - ઈશ્વર અને ભાગ્યને આપણે દોષ દઈએ છીએ કે મારી સાથે આવું શા માટે થયું? જે બન્યું છે તે સીધે સીધું આપણા કર્મો સાથે જોડાયેલું છે ?

**ઉત્તર** - ખરેખર આપણે જે કરીએ છીએ તેનો

(અનુસંધાન પેજ નં. 12 પર)

## પ્રસન્નતાના પથ પર

# તનાવ અને આપણી પ્રતિક્રિયા

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



કેટલાક લોકો વિચારે છે કે થોડો ગુસ્સો, થોડી ચિંતા થવી સ્વાભાવિક છે પરંતુ આપે એ કદી કહ્યું છે કે થોડું બીમાર હોવું સ્વાભાવિક છે? ના સંપૂર્ણ સ્વાસ્થ્ય સ્વાભાવિક છે. આ લક્ષ્ય રાખીને શરીરનું ધ્યાન રાખીએ છીએ. તો તે સારું રહે છે. ક્યારેક સ્વાસ્થ્યમાં જરા પણ ઉપરનીચે થાય છે પરંતુ થોડા પણ બીમાર પડીએ છીએ તો આપણે વિચારીએ છીએ કે જલદીથી તપાસ કરાવીએ અને સ્વાસ્થ્યને સારું કરીએ.

જ્યારે તનાવમાં હોઈએ છીએ તો શિરદર્દ, પેટદર્દ સ્વાભાવિક લાગે છે. પણ વાસ્તવમાં શિરદર્દ સ્વાભાવિક નથી. એનો આપણે સ્વીકાર કરી લીધો છે. આપણે સ્વીકાર શા માટે કરીએ છીએ? આ આપણે સમજવું પડશે. આપણે ઈલાજ માટે પ્રયાસ કર્યો પણ કોઈ ઈલાજની ખબર ના પડી. ડોક્ટરે કહ્યું, એમ. આર. આઈ. વગેરેનું પરીક્ષણ થઈ ગયું પર ક્યાંય પણ, કંઈ પણ ના નીકળ્યું. ત્યારે આપણે કહીએ છીએ કે આ તો સ્વાભાવિક છે. તેનો ઈલાજ ના મળ્યો. ઈલાજ આપણી વિચાર કરવાની પદ્ધતિ પર છે. ત્યાં આપણે મહેનત કરવા ઈચ્છતા નથી. કોણ જાણે આ મહેનત કેવી રીતે કરવાની છે? તનાવના સહ ઉત્પાદક શિરદર્દ યા અલ્સર છે. એનો શારીરિક સ્તર પર કોઈ ઈલાજ નથી. એનો એક જ ઈલાજ છે પોતાની વિચારવાની પદ્ધતિ બદલી દો. પણ આપણે તો માનીએ છીએ કે દર્દવાળો વિચાર આવવો સ્વાભાવિક છે. પછી આ દર્દ મારા સંબંધોમાં પણ જોવા મળે છે. હું શારીરિક, ભાવનાત્મક દર્દમાં છું તો સંબંધ, સંપર્કમાં આવનારા લોકોને શું આપીશ? જે મારી પાસે છે તેજ આપીશને? પછી સંબંધોમાં થોડી થોડી ટક્કર, સ્વભાવ-સંસ્કારની થોડી થોડી ભિન્નતા થવા લાગે છે. જેના કારણે આપણે એકબીજાથી દૂર દૂર રહેવા લાગીએ છીએ. પછી એમ કહેવાનું શરૂ કરી દીધું કે આતો સ્વાભાવિક છે. સ્વાભાવિક સ્વાભાવિક કહેતાં કહેતાં આપણે બધી અસ્વાભાવિક ચીજોને સ્વાભાવિક બનાવી દીધી.

થોડો તનાવ સ્વાભાવિક છે, એ કહેતાં થોડાની પરિભાષા કોણ નક્કી કરશે? સમજો કે આજે તનાવ દસ ટકા છે પરંતુ કાલે કોઈ મોટું આર્થિક સંકટ આવી જાય, ઘરમાં કંઈ થઈ જાય, વેપાર બંધ થઈ જાય, પ્રાકૃતિક આપદાઓ આવી જાય, અન્ય પરિસ્થિતિ આવી જાય તો તનાવનું સ્તર આગળ વધશે. ત્યારે શું આપણે આપણા તનાવ પર નિયંત્રણ રાખી શકીશું, એને થોડું જ રાખવાનું છે, વધારવાનું નથી. કેટલાક લોકો નાની નાની વાતોમાં ઘણા પરેશાન થઈ જાય છે. પરંતુ કોઈ વાત આવતાં સુરક્ષિત રહે છે. આ કયા પ્રકારનું વ્યક્તિત્વ છે? જ્યારે મોટી પરિસ્થિતિ આવે છે તો આવા લોકોને પોતાની જવાબદારીનો અહેસાસ થાય છે. આ પરિસ્થિતિને પાર કરવાની છે. જેઓ જવાબદારી લે છે કે પરિવારને, પૂરી કંપનીને, સૌને સાથે લઈને ચાલવાનું છે. આવી પરિસ્થિતિમાં તો દબાણને અંદર અંદર દબાવી દે છે. તેઓ પરિસ્થિતિ પાર કરી લે છે.

રોજ સવારે ઉઠીને પોતાના સંકલ્પની

(અનુસંધાન પેજ નં. 08 પર)

# પરમાત્મા સાથે પ્રેમ યા ભય

બ્ર.કુ. ગીતાબેન, શાંતિવન, આબુરોડ



આપણને કોઈ પ્રેમ કરે - એવી ઈચ્છા અને તમન્ના તો અનેક અને પરખ કોઈ વિરલાને જ હોય છે. વાસ્તવમાં પ્રેમ વિના જીવન નીરસ અને સારવગરનું હોય છે. જેણે જીવનમાં પ્રેમ રસ ચાખ્યો નથી એવી વ્યક્તિ જગતમાં સૌથી દીન અને દયનીય હોય છે. અહંકાર જેટલો વધારે વધે છે એ હિસાબે વ્યક્તિ પોતાની મેળે કઠોર બની જાય છે. અહંકાર પોતાની મેળે કઠોર બની જાય છે. અહંકાર જેટલો ઓછો હશે એટલું માનવનું મન સરળ અને પવિત્ર બની જશે. અહંકાર શૂન્ય હોવાથી મનુષ્યનું દિલપ્રેમમય અને પારદર્શી બની જાય છે પછી એમાં કોઈ અપેક્ષા, શરત યા રુકાવટ હોતી નથી.

## પરમાત્માનો પ્રેમ અપાર છે

જેને આપણે ચાહીએ, એને સંપૂર્ણ મુક્તિ આપીએ, ત્યારે જ પ્રેમ જીવંત રહીને વિકસિત થાય છે. જ્યારે પ્રેમપાત્ર પર શ્રધ્ધા અને ભરોસો હોય છે ત્યારે જ પ્રેમમાં સ્વતંત્રતા સંભવ છે. પરમાત્મા પણ પ્રાણીમાત્રને સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે. એની કોઈ શરત કે અપેક્ષા નથી. આજ કારણે આપણે સંસારમાં કેટલું પણ ભટકીએ પણ વિશ્રામ તો પરમાત્માની ગોદમાં, એમની સાથે મનોમિલનમાં જ હોય છે. પરમાત્માનો પ્રેમ અપાર છે.

## પરમાત્મ કાર્યમાં ગણિતને બદલે કલ્યાણકારી ભાવ

જેમ માતા કમજોર બાળકનું વધુ ધ્યાન રાખે છે, એ રીતે જ પરમાત્મા પતિત, ભ્રષ્ટ મનુષ્યો પર રહેમ કરે છે અને સ્વયં અવતરિત થઈને આપણને વિકારોની દલદલ (કીચડ)માંથી કાઢીને પાવન બનાવે છે. પરમાત્મા પિતા તો પ્રેમના સાગર, રહેમદિલ, પરમ કરુણાવાન છે. તે આપણી નાની-મોટી ભૂલોનો હિસાબ રાખતા નથી. એવો હિસાબ તો માનવીય મનમાં ચાલે છે. પરમાત્માનું કાર્ય ગણિતથી નહીં, કલ્યાણભાવ અને રુહાની પ્રેમથી ચાલે છે.

## પરમાત્માનો પ્રેમ નિષ્કામ છે

પ્રકૃતિ જગતમાં આપણે જોઈએ છીએ કે કેટલી વ્યવસ્થા, કરુણા તથા આપવાના ભાવની સુંદરતા છે. પ્રકૃતિ નિરંતર આપણી સેવામાં ઉપસ્થિત છે. તે આપણા કર્મ વ્યવહારને જોતી નથી, માત્ર આપે છે. આપણે ઓછું બિયારણ વાવીએ છીએ અને પ્રકૃતિ આપણને મણ બીજ ઉગાડીને આપે છે. એકનું અનેકગણું કરીને આપે છે. તો પરમાત્મા, કે જે સર્વોચ્ચ અને કલ્યાણકારી સત્તા છે, તે આપણાથી નારાજ યા કોપાયમાન થતી નથી. પરમાત્મા માટે એવું વિચારવું જ ખોટું છે. આપણી ખરાબ આદતોથી એને કોઈ લેવા દેવા નથી. હા આ સર્વથી આપણને જ નુકસાન થાય છે. આપણે શું ખાઈએ છીએ, પીએ છીએ, જીવીએ છીએ એની પરમાત્માના પ્રેમ પર જરા પણ અસર થતી નથી. તે નિષ્કામ પ્રેમ કરે છે. હા, ગંદી ટેવો, વ્યસન, નશા વગેરેથી પરમાત્માની તરફ જવાના, આપણા માર્ગમાં, પુરુષાર્થમાં વિઘ્ન અવશ્ય આવે છે. એનાથી માનસિક, શારીરિક સ્વાસ્થ્ય બગડે છે, મન ગુલામ બને છે, વિવેક ભ્રષ્ટ થવા લાગે છે. સ્વયંનું મનોબળ ડગમગવા લાગે છે. આ પ્રકારે

નશા, વ્યસનોમાં ફસાઈને, સ્વયં પર જુલ્મ કરીએ છીએ અને સાથે સાથે પરિવારને પણ બરબાદ કરીએ છીએ. જેટલા આપણે વ્યસન, વિકારો તરફ દોડીએ છીએ એટલું પરમાત્મા પ્રત્યે આપણું ધ્યાન ઓછું થાય છે. જેટલા વાસનાના દલદલમાં ભંવરમાં ફસાઈએ છીએ એટલો ભવસાગર પાર ઉતરવામાં વિલંબ થાય છે. સ્વયં જ સ્વયંને શાપિત કરીએ છીએ.

આ સત્યને આપણે સ્વયંના વિવેકથી સમજતા નથી એટલે કોઈ મહાનુભાવે પરમાત્માના નામ સાથે જોડીને લોકોને સુધારવાનો શુભપ્રયાસ કર્યો. જ્યારે કોઈ કાર્ય આપણે સારી રીતે કરતાં નથી તો એને સારી રીતે કરાવવા માટે મોટાઓનું નામ દઈને કહેવામાં આવે છે કે મમ્મી લડશે, પાપા નારાજ થઈ જશે, ગુરુજી અકૃપા કરી દેશે, સાહેબને સારું નથી લાગતું વાસ્તવમાં આપણે વિવેકથી સમજી વિચારીને પોતે જ કાર્ય યથાર્થ રીતે કરવું જોઈએ. મોટાઓનું નામ લઈને ભયથી ક્યાં સુધી સાચા ઉપાયથી કામ કરાવી શકીશું? એ રીતે જે પરમાત્માનું નામ આપીને ભયથી પરિવર્તન કરાવી શકતા નથી.

## પરમાત્મા પરમ સાક્ષી છે

પરમાત્મા આપણા પાપનો બદલો આપણને આપતા નથી. આ બિલકુલ ખોટી અને વાહિયાત વાત છે. પરમાત્માના પ્રેમની સામે આપણા પાપનો કોઈ હિસાબ નથી. પાપોના કારણે જે નુકસાન થઈ રહ્યું છે યા જે દુઃખ-તકલીફ વેઠવી પડે છે. એની જવાબદારી માત્ર આપણી જ છે. જો આપણે દુઃખી છીએ તો તે આપણાં કર્મોનો હિસાબ રાખે છે અને સજા આપતા રહે છે, આવી વિચારધારા તો પરમાત્માને ન સમજનારા લોકોના માનસની ઉપજ છે. પરમાત્મા તો પરમ સાક્ષી છે. દૃષ્ટાભાવમાં સ્થિત એક વ્યક્તિમાં પણ કોઈ પ્રતિક્રિયા જન્મતી નથી, તો પરમાત્મા આવી વૃત્તિ ક્યાંથી ઉત્પન્ન થશે. શું પરમાત્માને બીજું કોઈ કામ નથી? દુનિયાભરના લોકો શું કરે છે, એનો હિસાબ રાખવામાં જ શું પરમાત્મા વ્યસ્ત રહે છે? શું એક કારકુનથી વિશેષ પરમાત્માનું કામ જ નથી શું?

## પરમાત્માનો પ્રેમ એક રસ છે

વાસ્તવમાં આપણે આવી અંધશ્રદ્ધા યા મિથ્યા માન્યતાથી મુક્ત થવાની આવશ્યકતા છે. પરમાત્મા પર ફળ-ફૂલ, પ્રસાદ, નૈવેદ્ય અર્પણ કરો યા ન કરો, એના નામથી વ્રત કે ઉપવાસ ન કરો, પરમાત્માનો પ્રેમ એકરસ અને અપાર હોય છે. તે તો આપણને અનહદ પ્રેમ કરે છે. આપણું કલ્યાણ કરવું જ એનો ગુણ છે. તે તો છે જ સુખદાતા, દયાળુ, કૃપાળુ. પરમાત્માને ન સમજવાને કારણે જ ભયને લીધે લોકો અનાવશ્યક ક્રિયાકાંડ કરતા રહે છે. આપણે સુખી છીએ યા દુઃખી, આપણું મન શાંત છે યા ચંચળ - એનું કારણ આપણે સ્વયં જ છીએ. અજ્ઞાનતા વશ એનું કમજોર, વિકૃત મનની લીલા ને જ માયા કહેવામાં આવે છે. માણસે કરેલાં કર્મ જ દુઃખનાં બીજ છે.

## જે આપશો, તે મળશે

સંસારમાં કર્મ અને કર્મફળનો સિદ્ધાંત અટલ છે. કર્મ સ્વયં જ પરિણામ લાવનારા બની જાય છે. એટલે જો આપણે જીવનમાં દુઃખ-અશાંતિનાં ફળ ખાઈ રહ્યાં છો તો એનો અર્થ એ છે કે જાણતાં-અજાણતાં ખોટા કર્મનાં બીજ આપણા દ્વારા વાવવામાં આવી રહ્યાં છે. એટલે સદાકાળનું સુખ, આનંદ જોઈએ તો આપણે આપણાં કર્મને શ્રેષ્ઠ બનાવીએ. જેવું ફળ આપણને જોઈએ, તેવા ફળનું બીજ આપણે વાવવું પડશે. જે આપણે આપીશું, તે જ આપણને મળશે. તો આપણે સ્પષ્ટ સમજી લઈએ કે પરમાત્મા કોઈ આપણાં કર્મોને

(અનુસંધાન પેજ નં. 33 પર)

# સિદ્ધિ સ્વરૂપ, રમતા યોગી બ્ર.કુ. રમીલાબેનને સ્મરણાંજલિ

બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી.

આબુ ખાતે પરમાત્માની પધરામણીનો પ્રસંગ ચાલુ હતો એવામાં એક બ્રહ્માકુમારીજી ઈશ્વરીય મિલનના પોતાના પ્રથમ પ્રસંગે પરમાત્મા સમક્ષ આવે છે. એમને જોતાં પરમાત્મા પોતે એ બ્રહ્માકુમરીને પૂછે છે, 'આપ કૌનસી આત્મા હૈં? આપકો માલૂમ હૈ' બ્રહ્માકુમારીજી કહે છે, 'મુઝે નહીં માલુમ' ત્યારે પરમાત્મા તેમને તેમની ઓળખાણ આપતાં કહે છે, 'આપ અગલે જન્મકી યોગભ્રષ્ટ આત્મા હૈ જો ઈસ જન્મમે બ્રહ્માકુમારી બને હૈ.' એ બ્રહ્માકુમારી હતા સોમનાથ ખાતેના બ્ર.કુ. રમીલાબેન જેમણે તા. 16-06-21ના રોજ બપોરે 3.00 કલાકે રાજકોટ ખાતેની વોકહાર્ટ હોસ્પિટલમાં છેલ્લા શ્વાસ લીધા.

ધોરાજી ખાતેની ગીતાપાઠશાળાના તેઓ ઈનચાર્જ હતા. જૂનાગઢથી ધોરાજી ક્લાસ કરાવવા તેઓશ્રી આવતાં હતાં. એક વખત તેઓ અકસ્માતે દાઝી ગયેલાં. અમો તેમની ખબર કાઢવા ગયેલાં. હજુ અમો તેમની ખબર કાઢીએ એ પહેલાં તો તેઓએ હસતાં હસતાં અમારી ખબર પૂછી લીધી કે, 'કેમ છે કિશોરભાઈ?' અમે પૂછ્યું, 'આપ કેમ છો?' તો કહે, 'બસ, ડબલ વિકર્મવિનાશનો પ્રોગ્રામ ચાલે છે. એક ભોગનાથી અને બીજો બાબાની યાદથી ડબલ વિકર્મ વિનાશનો પ્રોગ્રામ.' આવી હાલતમાં તેમની અવસ્થા જોઈ અમો આભા બની ગયાં.

સેન્ટરના બ્રહ્માભોજન પ્રસંગે પોતે પીરસવા નીકળે તો આપણે એક રોટલીનું કહીએ તો જ્ઞાન ગમ્મત કરતાં કહે, 'બાપદાદા કમ્બાઈન્ડ આવે છે ને?' એમ કહી બે રોટલી પીરસી દે. આવા ભાવથી જમાડનાર દીદીને કેમ ભૂલાય?

પરમાત્માને રાત્રે બબ્બે વાગે ઉઠીને એ યાદ કરતાં હોય. સદા પ્રસન્નચિત્ત, ઈશ્વર પરાયણ જીવન જીવનાર એ રમીલાબેન, M.Sc. with Statistics ભણેલાં હતાં. ફોરેન જવાનો ચાન્સ હતો તેને ઠોકર મારી સાંસારિક જીવનમાં ન પડતાં 'બ્રહ્માકુમારી' બન્યાં. પરમાત્માના બનવાની તેમની તાલાવેલી ગજબ હતી. તેમની વિષમ પરિસ્થિતિમાં હિમ્મત જોઈને હેરત પામી જવાય. M.Sc. પાસ કરી એ જે સંજોગોમાં બ્રહ્માકુમારી બન્યાં. એ જાણીને આપણાં રૂવાડાં બેઠાં થઈ જાય. પાછળ પડેલી માયાને ભૂલ થાપ ખવડાવી એ બ્રહ્માકુમારી બનેલાં. આવા સિદ્ધિ સ્વરૂપ બ્રહ્માકુમારીને ખુદ ઈશ્વર આગલા જન્મની ઓળખાણ કરાવે એ તેમની કદર કરી કહેવાય ને?

સોમનાથ ખાતેનો આધ્યાત્મિક મેળો શરૂ થયા પહેલાં જ તેમને એ મેળાની અર્ધી સફળતા મળી ચૂકી હતી. તેમની એ સિદ્ધિના અમો સાક્ષી છીએ.

આવાં સિદ્ધિ સ્વરૂપ, રમતા યોગી બ્ર.કુ. રમીલાબેનને આ તકે કોટિ કોટિ સ્મરણાંજલિ - ભાવાંજલિ - શ્રદ્ધાંજલિ અર્પતા મન ગાઈ ઉઠે છે કે,

આતી હૈ આજ યાદ દીદીકી, કિતની મધુર મજેદાર
જીસકી ગોદમેં જા બૈઠે વો, સ્વર્ગકિ સરજનહાર..
આતી હૈ આજ યાદ દીદી કી...
પરિવારકી પ્યારી દીદી, સ્નેહવર્ષા બરસાયે,
ઈસ વર્ષામેં નહાનેવાલે ખુશી ખુશી હો જાયે...(૨)
આતી હૈ આજ યાદ દીદી કી...

**॥ ઓમશાંતિ ॥**

# જીવન સરોવરમાં સંતુષ્ટતાનાં કમળ ઉગાડવાનાં છે

બ્ર.કુ. સતીશભાઈ, માઉન્ટ આબુ

એક વિદેશી પર્યટક ગરમીના દિવસોમાં ભારત આવ્યો. એણે ફળોની દુકાન તરફ નજર કરી. ત્યાં જોયું તો દુકાનદાર બપોરે આરામથી બેઠો હતો, ગ્રાહકો પણ આવતા નહોતા. દુકાનદાર ગ્રાહકોને બોલાવવા માટે પણ કંઈ કરતો નહોતો. વિદેશીને આશ્ચર્ય થયું. તેણે કહ્યું ફળ કઈ રીતે વેચાશે? તમે ગ્રાહકોને બોલાવશો નહીં તો તમારી દુકાને કોણ આવશે?

દુકાનદારે કહ્યું કે સાહેબ, આ દુકાનની સૌને માહિતી છે. અવાજ શા માટે કરવો? જેને આવવું હશે તે આવશે.

વિદેશીએ કહ્યું, એમ તો કઈ રીતે આવશે. ગ્રાહકોને બોલાવશો તો માલ વધારે વેચાશે.

દુકાનદારે કહ્યું, પછી.

વિદેશીએ કહ્યું, તમને સારી કમાણી થશે એનાથી લોકો વધારે માલ ખરીદશે. તમારી દુકાન મોટી થઈ જશે.

દુકાનદારે કહ્યું, પછી.

વિદેશીએ કહ્યું કે પછી તમે તમારી પાસે મદદનીશ પણ રાખશો. તેથી વધારે કમાણી કરીને શાહૂકાર બની જશો. એને ચૂપ થતાં જ દુકાનદારે એ જ પ્રશ્ન કર્યો, પછી ?

વિદેશીએ કહ્યું, પછી તમે આલીશાન મકાન બનાવજો. ગાડી ખરીદજો, ડ્રાઈવર રાખજો. વિદેશીએ કહ્યું પછી તમે આરામથી મજાની જિંદગી જીવી શકશો.

દુકાનદારે કહ્યું, તે તો હું કરી રહ્યો છું. અત્યારે આરામથી, મજાથી બેઠો છું. આટલી ગોળગોળ વાતો કરવાની શી જરૂર છે? વિદેશી નિરુત્તર બની ગયો. તે દુકાનદારને વ્યર્થની દોડધામમાં ફસાવી ના શક્યો.

### સંતોષ એજ પરમ સુખ છે

સંતોષ સર્વગુણોનો રાજા છે એને સર્વોત્તમ ધન પણ કહેવામાં આવે છે.

‘જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂરિ સમાન.’

ભારતીય સંસ્કૃતિનો એ આદર્શ છે કે જે પણ મળે તેને ઈશ્વરીય દેણ સમજીએ. નસીબમાં જે લખાયું છે તેમ સમજીને પ્રસન્ન રહેવું જોઈએ. કબીરજી કહે છે,

‘સાઈં ઈતના દીજિયે, જામે કુટુંબ સમાય.
મૈં ભી ભૂખા ના રહૂં, સાધુ ભૂખા ન જાય.’

વર્તમાન સમય ભૌતિકવાદની ઝાકમ ઝોળનો સમય છે. તેમાં સંતુષ્ટતા ચાલી ગઈ છે. ઈચ્છાઓ, કામનાઓના ઝંઝાવાતે સંતોષની ટમટમાતી જ્યોતને બુઝાવી દીધી છે. ઈચ્છાઓ અને તૃષ્ણાઓનો કોઈ અંત નથી. આવા સમયે સંતુષ્ટતા રાખવી મુશ્કેલ છે.

આજે જો કોઈ સંતોષી મળી જાય તો તે તેની લાચારી છે. તેઓ મનને મારે છે. પછી નસીબનો ખેલ સમજીને તે થાકી જાય છે. તેની પાસે સાધન સુખ સગવડો છે પણ ભવિષ્યની ચિંતા કરે છે. આસપાસનું વાતાવરણ જોઈને તે ખિન્ન બની જાય છે. કેટલાક માનવ એવા મળે છે કે દુનિયામાં આટલો સ્વાર્થ જોવા છતાં સ્વયં ખુશીનો અનુભવ કરશે. શું સંતુષ્ટતાપૂર્ણ જીવન જીવવું એ

લોકવાયકા છે? શું સંતુષ્ટ રહેવું અને અન્યને સંતુષ્ટ કરવાં તે મુશ્કેલ છે?

## સંતુષ્ટતા પ્રગતિ તથા વિકાસમાં બાધક નથી.

સંતુષ્ટતાનો અર્થ પુરુષાર્થહીનતા નથી. મહાત્મા ગાંધીજી કહેતા કે સંતોષ તો પુરુષાર્થમાં છે. ઉપલબ્ધિઓમાં નથી. નિરંતર પુરુષાર્થરત રહેવું, લક્ષ્યને સાકાર કરવા પુરુષાર્થ કરવો તે અસંતુષ્ટતા નથી. આધ્યાત્મિક લક્ષ્યો માટે આપણી ગતિ અને પ્રગતિથી સંતુષ્ટ રહીએ.

સંતુષ્ટતા અકર્મણ્યતા નથી, લાચારી નથી. સંતુષ્ટતા મજદૂરી કે મજબૂરી નથી. સંતુષ્ટતા તો આંતરિક સંપન્નતાની નિશાની છે. શાંત પ્રશાંત ક્ષીર સાગરમાં વિષ્ણુ સમાન ચેનની વાંસળી વગાડવાની સૂચક છે. જ્ઞાનના ત્રીજા નેત્ર દ્વારા સર્વ કામનાઓ પર વિજય પ્રાપ્ત કરવાની નિશાની છે. વાસ્તવમાં જીવનની ઉપલબ્ધિ સંતુષ્ટતા છે.

## ઈચ્છાઓના વાદળોથી આચ્છાદિત સંતોષનો સૂર્ય

વાસ્તવમાં સંતોષમાં જ પરમ સુખ છે, પરમાનંદ છે. સંતોષ ઈચ્છાઓની હાજરીથી મળતો નથી. કેટલોક ભ્રાંતિવશ ઈચ્છાઓ સાકાર થવી તેને સંતોષ સમજે છે. જ્યારે ઈચ્છાઓ આપના મનના દરવાજા પર લાંબી લાઈન કરીને ઊભી રહે છે. ઈચ્છાઓ, આકાંક્ષાઓ, વાસના-કામનાઓનો કોઈ અંત નથી. આપણે ભોગોને ભોગવતા નથી પણ ભોગો જ આપણને ભોગવે છે. ક્યારેક એવું પણ બને છે કે જ્ઞાન હોવા છતાં મનુષ્ય ઈચ્છાઓના મોહપાશથી છૂટી શકતો નથી.

પડોશમાં કોઈનું મૃત્યુ થયું તો લોકો એકઠા થવા લાગ્યા અને રડવા લાગ્યા. એમાંથી કોઈએ કહ્યું ભાઈ શા માટે રડો છો? આત્મા તો અમર છે. શરીર તો નશ્વર છે. ત્યારે અન્યએ સંસારની નશ્વરતાનો ઉપદેશ આપી દીધો. જ્યાં જ્યાં કોઈનું મૃત્યુ થાય, ત્યારે આજ વાર્તાલાપ થાય. એક સમજદાર મનુષ્ય સાચું કહેવાથી રહી ના શક્યો. તેણે કહ્યું કે આપ સૌ જાણો છો કે આત્મા અમર છે, શરીર નશ્વર છે તો પછી રડો છો શા માટે? તો એક ભાઈ બોલ્યો કે અમને તો એટલી વાતની ખબર છે કે મૃત્યુ વખતે આવી વાતો થાય.

જ્યાં સુધી વ્યક્તિને પોતાનું લક્ષ્ય ના મળે ત્યાં સુધી તે સંતુષ્ટ રહેતો નથી. આ લક્ષ્ય સૌનું ભિન્ન ભિન્ન હોય છે. સાંસારિક અથવા સ્થૂળ લક્ષ્યની પ્રાપ્તિ સહજ છે, સંભવ છે. પરંતુ આધ્યાત્મિક લક્ષ્યને પ્રાપ્ત કરવું, સૂક્ષ્મ સંસ્કારો, ટેવોનું પરિવર્તન કરવું, એકરસ રહેવું, નિરંતર પ્રસન્નતા તથા દૈહિક આકર્ષણથી મુક્ત રહેવું, વિકારો પર વિજયી બનવું તથા સાધનાના શિખર પર વધતા રહેવું જેવા લક્ષ્યોની પૂર્તિ માટે પુરુષાર્થ રત રહીએ, સંતુષ્ટ રહીએ. એના માટે મનની સ્થિતિને જ્ઞાનયુક્ત બનાવવી પડશે.

## સંતુષ્ટતા તૃપ્તમનની સ્થિતિ છે

સાધન મળે, સુવિધા મળે, વસ્તુ મળે, સ્થિતિઓ, પરિસ્થિતિઓ બદલાય તો હું સંતુષ્ટ રહું અને સંતુષ્ટતા કહેવાય નહીં. સંતુષ્ટતા તો તૃપ્ત મનની શ્રેષ્ઠ સ્થિતિ છે. આ સ્થિતિ ત્યારે જ બને છે જ્યારે આપણો સર્વ પ્રત્યેનો ભાવ ઉચ્ચભાવ ભૂમિનો હોય છે. જ્ઞાનવાન વ્યક્તિ જ પૂર્વગ્રહથી મુક્ત રહીને, સર્વને આત્મિક દૃષ્ટિથી જોતાં ઈશ્વરીય પરિવાર જેવો વ્યવહાર કરશે. જ્ઞાનવાન વ્યક્તિમાં નીર-ક્ષીરનો વિવેક હશે. તે ક્ષમાવાન અને ઉદાર હોય, ત્યારે જ તે સર્વને શ્રેષ્ઠ કર્મ માટે પ્રોત્સાહિત કરશે. તે બીજાઓની પ્રગતિ જોઈને પ્રસન્ન થશે.

**(અનુસંધાન પેજ નં. 29 પર)**

# નકારાત્મકતાને હકારાત્મકમાં બદલો

## બ્ર.કુ. ભગવાનભાઈ, શાંતિવન, આબુરોડ

મનના વ્યર્થ વિચારોથી જીવનનો અમૂલ્ય સમય વ્યર્થ જાય છે. જેના મનમાં સદા સમર્થ સંકલ્પનું ઝરણું વહે છે તે કર્મયોગી બનીને સ્વયંના શ્વાસ અને સંકલ્પને સફળ કરે છે. વાસ્તવમાં આજ તીવ્ર પુરુષાર્થ છે. જેના મનમાં સમર્થ બનાવવાની ગુપ્ત સેવા કરે છે. વ્યર્થ સંકલ્પોના કીડા માનવને અંદરથી બોદો બનાવી દે છે. જેનાથી આત્મા શક્તિહીન બની જાય છે. વ્યર્થ સંકલ્પોથી મુક્ત બનવું એજ સાચી સાધના છે.

### વ્યર્થ સંકલ્પો રૂપી છિદ્રોથી શક્તિ વહી જાય છે

એક વાર એક શિષ્યે પોતાના ગુરુજીને પૂછ્યું મારી અનેક વર્ષોની સાધના હજુ સુધી સફળ થઈ નથી, શું પરમાત્મા મારાથી નારાજ છે? મારી સાધનાની અસફળતાનું રહસ્ય શું છે? શિષ્યને ઉત્તર આપવા માટે ગુરુજીએ એક જ્ઞાનયુક્ત પ્રસંગ જણાવ્યો. એમણે કહ્યું કાલે બપોરે હું બગીચામાં ગયો. ત્યાં કેટલાક યુવાનો આવ્યા. એમને તરસ લાગી હતી. બાજુના કૂવા પર જઈને પાણી કાઢવા લાગ્યા. ડોલ અને દોરડાની મદદથી પાણી કાઢવાની કોશિશ કરી પણ ડોલ ખાલી આવી. કારણ કે ડોલમાં છિદ્ર હતું. એટલે તેઓ કૂવાની પાસે રહેવા છતાં તરસ્યા રહ્યા. બસ એજ રીતે તમે પણ સાધના કરવાની મહેનત કરો છો. પરમાત્મા શક્તિ આપવા તૈયાર છે પરંતુ મનમાં વ્યર્થ સંકલ્પોનાં છિદ્ર હોવાથી તમે પ્રાપ્તિની અનુભૂતિ કરી શકતા નથી. એટલે પહેલાં મનના વ્યર્થ સંકલ્પ રૂપી છિદ્રોને બંધ કરો, આજ સાધનાની સફળતાનું રહસ્ય છે.

### જીવન જીવવાની કળા

જે જીવનની દરેક પરિસ્થિતિને હકારાત્મક રૂપમાં જુએ છે તે સ્વયંપ્રિય, લોકપ્રિય અને પ્રભુપ્રિય બની જાય છે. આ વિશે સંત તુકારામના જીવનની ઘટના યાદ આવે છે.

સંત તુકારામ વિઠ્ઠલની ભક્તિ કરતા હતા. એમની ભક્તિ લોકોમાં લોકપ્રિય થવા લાગી. કેટલાક ધર્મવિરોધી લોકોને આ સારું લાગ્યું નહીં. એમણે એમના વિશે ખોટો પ્રચાર કર્યો. એમનું અપમાન કરવાનું વિચાર્યું. એમણે સંત તુકારામનું માથું મૂંડાવીને એના ઉપર હળદરનો લેપ લગાવી, મોં કાળું કરી, ગળામાં રીંગણ, ટામેટા, બટાટા, લીંબુ, મરચા વગેરે શાકભાજીઓની માળા બનાવીને પહેરાવી. ગધેડા ઉપર બેસાડીને ગામમાં, ગલી ગલીમાં ફેરવીને અપમાનિત કર્યા. અંતમાં એમના ઘરની સામે એમને લાવવામાં આવ્યા અને ઘરમાંથી એમનાં પત્નીને બોલાવીને આ સર્વ બતાવ્યું. આ દૃશ્ય જોઈને તુકારામનાં પત્નીને ઘણું જ ખરાબ લાગ્યું. એમણે સૌને ગાળો આપવાનું શરૂ કર્યું.

આવી પરિસ્થિતિમાં સંત તુકારામ મહારાજે શાંતિથી પત્નીને સમજાવી. એમણે ગળાની માળાઓની શાકભાજીઓ બતાવીને કહ્યું, એમને ગાળો શા માટે આપે છે? એમણે તો આપણા માટે આઠ દિવસ સુધી ચાલે એટલી શાકભાજી આપી છે. મારા માથામાં ફોલ્લીઓ થઈ હતી. એમણે માથાના વાળ ઉતરાવીને હળદર લગાવીને મારી દવા કરી છે. હવે ફોલ્લીઓ મટી જશે. જ્યારે આપણાં લગ્ન થયાં ત્યારે જાન નીકળી નહોતી.

આ સૌ ગલી ગલીમાં જાન ફેરવીને આવ્યા છે. મેં ઘણા દિવસોથી પોતાના ગામને સારી રીતે જોયું નહોતું. આજે એમણે મને ગામના ઘેર ઘેર ફેરવ્યો. જ્યારે મને ગામમાં ફેરવવા લઈ ગયા ત્યારે તડકો વધારે હતો. એમણે પગમાં કંઈ પહેર્યું નહોતું એટલે એમના પગ દાઝી ગયા. પણ મને કંઈ થયું નહીં. કારણ કે હું તો ગધેડા ઉપર બેઠો હતો એટલે ગાળો આપવાને બદલે એમનો ચા પાણી પીવડાવીને આભાર માનો.

સંત તુકારામનાં આ વચન સાંભળીને ગામવાળાનું મન ભરાઈ ગયું. એમને લાગ્યું કે અમે એક મહાન આત્મા સાથે અન્યાય કર્યો છે. એના ફળસ્વરૂપ સંત તુકારામ મહારાજ પ્રત્યે એમનામાં આદરનો ભાવ જાગૃત થયો. એને જ કહેવાય છે જીવન જીવવાની કળા. સંત તુકારામ મહારાજે નકારાત્મક પરિસ્થિતિને હકારાત્મક રૂપમમાં બદલી દીધી તેથી તે મહાન બન્યા.

## અપમાનને ગુલાબજળ સમજો

કોઈએ અપમાન કર્યું યા ગાળો આપી તો સમજો કે આ અપમાન યા ગાળ નથી પણ મારા ઉપર ગુલાબજળ છાંટ્યું. વર્તમાનમાં જે અપમાન કરે છે તે ભવિષ્યમાં રોજ ગુલાબનાં ફૂલોથી પૂજા કરશે. અપમાન કરનારાઓને દુઆઓ આપો, એમના પ્રત્યે મનમાં શુભ ભાવના, શુભકામના રાખો. વિપરીત પરિસ્થિતિ આવતાં કોઈને શાપ આપનાર તથા નકારાત્મક વિચારનારા કદી પૂજનીય બની શકતા નથી. નકારાત્મક પરિસ્થિતિને હકારાત્મક બનાવવાથી ધૈર્ય, સહનશીલતા, એકાગ્રતા અંતર્મુખતા, શાંત વગેરે ગુણ વિકસિત થાય છે. નકારાત્મક પરિસ્થિતિને હકારાત્મક બનાવનાર જ સરલચિત્ત બનીને દરેકની સાથે હળીમળીને રહી શકે છે. એના મનમાં હંમેશા એ ધારણા હોય છે કે દરેક વાતમાં કલ્યાણ છે. કેટલીક વાર કોઈ વસ્તુનું પેકીંગ સારું નથી હોતું પરંતુ વસ્તુ સારી હોઈ શકે છે.

એ રીતે વર્તમાન પરિસ્થિતિ વિપરીત છે પરંતુ એનું ભવિષ્યનું પરિણામ ઘણું સારું હોઈ શકે છે. આવું જે વિચારે છે તે વ્યર્થથી મુક્ત રહી શકે છે. પરિસ્થિતિને હકારાત્મક રૂપમાં જોનાર જ સ્વયં પર, પરમાત્મા પર અન્ય વ્યક્તિઓ પર વિશ્વાસ રાખીને, નિશ્ચય બુદ્ધિ બની શકે છે.

## અપ્રિયને પ્રિયમાં બદલી દો

એકવાર હું શાંતિવનના ડાયનીંગ હોલમાં કોઈ કાર્ય માટે ગયો હતો. એ સમયે એક માતાએ કહ્યું કે અહીં મારી સેવા ભોજન પીરસવાની છે. અહીં વાસણ સાફ કરનારા લોકો જોર જોરથી વાસણોને જાળીમાં નાખે છે. જેના કારણે મારા મસ્તકમાં બહુ વધારે દર્દ થાય છે. જેને હું સહન કરી શકતી નથી, યોગ પણ લાગતો નથી. હું એક મહીના માટે સેવા કરવા આવી હતી પરંતુ આ કારણથી હું જલદી પાછી ચાલી જઈશ. મેં માતાજીને સમજાવ્યાં કે મનના વિચારો બદલો અને એ સમજો કે સવારથી રાત્રિ સુધી મારા ભક્ત મંદિરમાં ઘંટ વગાડી રહ્યા છે. આ સાંભળીને માતાજી બહુ ખુશ થયાં. કેટલાક દિવસો પછી માતાજીએ પોતાનો અનુભવ જણાવ્યો કે મને હવે વાસણોનો અવાજ મસ્તકમાં દર્દ જન્માવતો નથી. પરંતુ સેવા કરવાનો ઉમંગ ઉત્સાહ વધી જાય છે. માતાજીએ પોતાનો સેવાનો સમય વધારીને ત્રણ મહીના કરી દીધો. આ રીતે અપ્રિય પરિસ્થિતિને પ્રિય રૂપ આપવાથી જીવનમાં ઉમંગ ઉત્સાહ વધે છે અને વ્યર્થ સમાપ્ત થઈ જાય છે.

## સેવા છે ભાગ્ય

એક બીજા સેવાધારીએ મને પ્રશ્ન પૂછ્યો કે સવારથી રાત્રિ સુધી મારે સેવા કરવી પડે છે. જેને

(અનુસંધાન પેજ નં. 29 પર)

# આત્મિક સુંદરતા જ સાચી સુંદરતા

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુરોડ.

આદર્શ ધાર્મિક ગ્રંથ 'રામાયણ'માં મર્યાદા પુરુષોત્તમ શ્રીરામના ઉજ્જ્વળ ચરિત્રનો એક પ્રેરણાદાયી પ્રસંગ છે. વાત શ્રીરામના વનવાસનાં સમયની છે. શ્રીરામ, શ્રી સીતા તથા શ્રી લક્ષ્મણ જંગલમાં વિચરણ કરી રહ્યા હતા. એક દિવસ માતા સીતાએ પોતાનાં કોમળ ચરણોને જોઈને શ્રીરામને પૂછ્યું, 'સ્વામી, તમારા ચરણ સુંદર છે કે મારા ચરણ સુંદર છે?' હકીકતમાં, જાનકીજીના ચરણ તો શ્રીરામનાં ચરણોં કરતા પણ વધારે સુંદર દેખાતાં હતા. શ્રીરામે સ્મિત કરીને લક્ષ્મણને પ્રશ્નનો જવાબ આપવા ઈશારો કર્યો. લક્ષ્મણ માટે જવાબ એક પડકાર હતો, પણ કુનેહથી લક્ષ્મણે કહ્યું કે 'ભાઈ, ચરણ તો એનાં સુંદર, જેમનું આચરણ સુંદર હોય. સાચું કહું તો, આચરણની સુંદરતા એ જ સાચી સુંદરતા છે. જ્યારે માનવ આત્મામાં છુપાયેલા દિવ્ય ગુણો આચરણ દ્વારા પ્રગટ થાય છે, તો તે દિવ્ય ગુણો જ મનુષ્યને વાસ્તવિક સૌંદર્ય પ્રદાન કરે છે. સાચી સુંદરતા તો સર્વગુણ સંપન્ન ચરિત્રના નિર્માણમાં રહેલી છે.

પરંતુ કેટલી દુઃખની વાત છે! આજના જમાનામાં દૈહિક ખૂબસુરતી એટલે કે શારીરિક સૌંદર્યને જ અસલી સૌંદર્ય માની લીધું છે. બીજાને પોતાની તરફ આકર્ષિત કરવા માટે બનાવટી સૌંદર્ય પ્રસાધનોથી સાજ-શણગાર કરવો, સુંદર રંગબેરંગી આકર્ષક કપડાં-ઘરેણાં પહેરવા, સ્નાન કરીને શરીરને સ્વચ્છ રાખવું વગેરે શારીરિક સુંદરતાને વધારે છે, પરંતુ તે ક્ષણભંગુર એટલે કે થોડાં સમય પૂરતું છે. પરંતુ તેના બદલે આત્માના જ્ઞાન, પવિત્રતા, સુખ, શાંતિ, પ્રેમ, આનંદ, શક્તિ વગેરે મૂળ ગુણો જ્યારે વ્યવહારમાં દેખાવા લાગે છે, ત્યારે તેને આંતરિક સુંદરતા કહેવામાં આવે છે. આત્મિક ગુણોથી ભરપૂર આંતરિક સૌંદર્ય જ સદાકાળની અવિનાશી સુંદરતા છે. શરીરનો દેખાવ અને રંગ ભલે ગમે તેટલો આકર્ષક હોય કેમ ન હોય, પણ જેમના વ્યવહારમાં શિષ્ટાચાર અને સભ્યતા હોતી નથી, વ્યક્તિ હંમેશા પીડાદાયક અને કડવા શબ્દો બોલે, જે કાંટાની જેમ ડંખતા હોય, વ્યક્તિની દ્રષ્ટિ-વૃત્તિ ચંચળ હોય, અશ્લીલ વર્તન હોય, વાત-વાતમાં ક્રોધાગ્નિમાં તપીને ચહેરો લાલ પીળો થઈ જતો હોય, તો ખૂબસુરત વ્યક્તિ પણ અસભ્ય-અભદ્ર તેમજ ગંદા આચરણને કારણે કદરૂપી લાગે છે. કેટલીકવાર માણસ શારીરિક સુંદરતાનો ઘમંડ કરવા લાગે છે, પરંતુ નશ્વર દેહનો નાશ થતાં જ તેનો બધો અહંકાર પણ માટીમાં ભળી જાય છે, આ મર્મ દર્શાવતી આ રોચક વાર્તા છે.

રાજકુમાર ભદ્રબાહુને તેમની સુંદરતા પર ખૂબ જ ગર્વ હતો. તે પોતાને વિશ્વનો સૌથી સુંદર માણસ માનતો હતો. એકવાર તે તેના મિત્ર સુકેશી સાથે ક્યાંક ફરવા જઈ રહ્યો હતો. રસ્તામાં સ્મશાન આવ્યું. ત્યાં જ્યારે ભદ્રબાહુએ આગની જ્વાળાઓ જોઈ ત્યારે તે ચોંકી ગયો. તેણે સુકેશીને પૂછ્યું, 'અહીં શું થઈ રહ્યું છે?' સુકેશીએ કહ્યું, 'યુવરાજ, મૃત વ્યક્તિને બાળવામાં આવી રહ્યો છે.' આ અંગે ભદ્રબાહુએ કહ્યું, 'તે જરૂર ખૂબ કદરૂપો રહ્યો હશે.' સુકેશીએ કહ્યું 'ના, તે ખૂબ જ સુંદર હતો.' આ અંગે ભદ્રબાહુએ આશ્ચર્ય સાથે કહ્યું, 'તો પછી તેને શા માટે સળગાવી દેવામાં આવી રહ્યો છે?' સુકેશે જવાબ આપ્યો, 'મૃત વ્યક્તિનાં દેહને એક દિવસ સળગવાનું જ હોય છે,

ભલે તે ગમે તેટલો સુંદર કેમ ન હોય. મૃત્યુ પછી શરીર નાશ થવા લાગે છે, તેથી તેને બાળી નાખવું જરૂરી છે.' આ સાંભળીને ભદ્રબાહુને ખૂબ જ આઘાત લાગ્યો. તેનો બધો અહંકાર ઓગળી ગયો. ત્યાર પછીથી તે હંમેશા ઉદાસ રહેવા લાગ્યો. જેના કારણે તેમના પરિવારના સભ્યો અને મિત્રો ચિંતીત રહેવા લાગ્યા. એક દિવસ ભદ્રબાહુને એક મહાત્મા પાસે લઈ જવામાં આવ્યો. સમગ્ર પરિસ્થિતિ જાણીને મહાત્માએ તેને સમજાવ્યું, 'કુમાર, તમે એક મોટી ભૂલ કરી રહ્યા છો. શરીર કાંઈ થોડું સુંદર હોય છે ? ખરેખર સુંદર તો આપણું મન છે! આપણા વિચારો અને કર્મો સુંદર હોય છે. તમે શરીરને વધારે મહત્વ ન આપો. તેને સાધન અથવા માધ્યમ માનો. તમારા વિચારો અને કર્મોને સુંદર બનાવવાનો પ્રયાસ કરો, ત્યારે તમારું જીવન સાર્થક થશે.' ભદ્રબાહુએ વાત સમજી ગયા. તે દિવસથી તે બદલાયો અને આધ્યાત્મિક ઉન્નતિ દ્વારા પોતાને દિવ્ય ગુણોથી શણગારવામાં લાગી ગયો.

દૈહિક સુંદરતાનું અભિમાન કરવાને બદલે, જો કોઈ વ્યક્તિના મનમાં ઉમદા અને ભલાઈનાં વિચારો હોય, વાણીમાં મિઠાશ હોય, કર્મ સુખદાયી હોય, વ્યક્તિ પૂણ્યકર્મના માર્ગ પર સતત આગળ હોય, જેનું જીવન ત્યાગનું ઉદાહરણ હોય અને જેણે જીવનને લોક કલ્યાણનો યજ્ઞ માની તેમાં તન, મન અને ધનનું બલિદાન આપ્યું હોય. જે ઈશ્વરીય જ્ઞાનનાં મનન ચિંતનમાં મગ્ન હોય, પ્યારા પ્રભુની યાદોમાં જે ખોવાયેલા રહેતા હોય, પરમાત્મ ગુણોની ધારણા જ જેનો ધર્મ હોય, સેવા જ જેનો શ્વાસ હોય, જે યોગ અગ્નિમાં તપીને સાચા સોના જેવો તેજસ્વી બન્યો છે, એટલે કે જે સાચો તપસ્વી છે. ભલે જેનું શરીર દેખાવમાં ખૂબજ કદરૂપું કેમ ન હોય, ચહેરાની બનાવટ, નાક-નકશો આકર્ષક ન હોય, પણ જેનો સદવ્યવહાર દિવ્યતા અને ભવ્યતાપૂર્ણ હોય, એવો સેવાભાવ અને સહકારના શણગારથી સજ્જ વ્યક્તિ આકર્ષણનું કેન્દ્રબિન્દુ બની જાય છે. તેમનાં આત્મિક ગુણોનાં સૌંદર્યની રૂહાની છટાઓ હૃદય પર અમીટ છાપ છોડી દે છે. આત્મિક સુંદરતા સત્યમ શિવમ સુંદરમ ઈશ્વર સાથે રૂહાની મિલન કરાવે છે.

તેના બદલે દેહની ક્ષણિક સુંદરતા વ્યક્તિને દેહની મોહજાળમાં ફસાવે છે. માણસને દૈહિક આસક્તિમાં ફસાવી દે છે અને સોનેરી હરણની જેમ ચમકદાર ચામડીનાં આકર્ષણની પાછળ ભટકાવે છે. કૃત્રિમ સાધનોથી કરવામાં આવેલી શરીરની સજાવટ પહેલા તો પોતાની તરફ આકર્ષે છે, મનને મોહિત કરે છે અને બુદ્ધિને લલચાવે છે. તે વ્યક્તિને મૂંઝવે છે અને છેવટે મોહજાળમાં ફસાઈને વિવેક પર અજ્ઞાનનો પડદો નાખે છે. જ્યાં જ્ઞાનની ત્રીજી આંખ આત્માની સાચી સુંદરતા જોઈ શકતી નથી અને આકર્ષણની માયા દૈહિક સુખોના દેખાડામાં આત્માને ફસાવી દે છે, અને પછી મનમાં ઈન્દ્રિય આનંદની ઈચ્છાઓ, ભોગવિલાસની ઈચ્છાઓ ઉત્પન્ન થવા લાગે છે. ઈચ્છાઓ વાસનાને જન્મ આપે છે અને કામુકતાનો નશો વ્યક્તિ પર હાવી થઈ, તેને વાસનાનો શિકાર બનાવે છે તથા નરકના દરવાજા સુધી ખેંચીને લઈ જાય તેવા કુકર્મો કરાવે છે અને તેનાથી થાય છે સર્વનાશ.

કામુકતાને કારણે સર્જાતા સમાજના મહાવિનાશનો સાક્ષી કોણ નથી? છતાં પણ સંસાર શારીરિક સૌંદર્યની સામગ્રીના સંગ્રહને સમર્થન આપી રહ્યો છે. ટેલિવિઝન, અખબાર અથવા રેડિયો જેવા માધ્યમોમાં દૈહિક આકર્ષણની આગમાં તેલ ઉમેરતી જાહેરાતોની ભરમાર હોય

**(અનુસંધાન પેજ નં. 25 પર)**

## દિવ્યદર્શન

# સંવત્સરી - ક્ષમાયાચના, ગણેશચતુર્થી - ગણનાયક બોધ

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

ગણપતિ બાપા મોરીયા... લોકરીયા ...

બાપા લોકરીયા...

સુપ્રસિદ્ધ સંત તુલસીદાસે લખ્યું છે કે...

'કામ, ક્રોધ, લોભ, મદ કી
જબતક મન મેં ખાન,
તબ તક પંડિત મૂરખ દોનોં એક સમાન.'

આ દોહામાં તુલસીદાસ એમ કહે છે કે, જ્યાં સુધી મનુષ્યના મનમાં વિકાર છે ત્યાં સુધી પંડિત કે મૂર્ખ બન્ને સરખા જ છે. જ્યાં સુધી માનવ વિકાર કે અવગુણોને છોડી સદ્‌ગુણોને ના અપનાવે, ત્યાં સુધી તેને સંપૂર્ણ શાશ્વત સુખશાંતિ ન મળે. ભારતમાં શ્રાવણ માસમાં અને ભાદરવા માસમાં આવતા પ્રત્યેક પર્વો કે તહેવારો આપણને એક-એક સદ્‌ગુણોને અપનાવવાનો સંદેશ આપે છે. રક્ષાબંધન પર્વ પવિત્રતા અને પ્રેમનો સંદેશ આપે છે. જન્માષ્ટમી શ્રીકૃષ્ણ જેવા દિવ્ય ગુણોને ધારણ કરી સંપન્ન બનવાનું સૂચવે છે. જૈનધર્મમાં શ્રાવણ વદ 11 થી પર્યુષણ પ્રારંભ થાય છે. પર્યુષણ પર્વ એટલે પ્રભુ ઉપાસના અને તપસ્યા દ્વારા કાયાની પવિત્રતા, મનની શુદ્ધિ, ક્ષમાપના, અહિંસા, ત્યાગ કરી પાપનું પ્રાયશ્ચિત કરવાનું પર્વ. ભાદરવા સુદ 4 (ચોથ)ને જૈન સંવત્સરી તરીકે ઉજવાય છે. જૈન દર્શન મુજબ અહિંસા પરમોધર્મ મનાયું છે. પરિપૂર્ણ અહિંસા, મન-વચન-કર્મ એમ ત્રણ સ્તરની હોવી જોઈએ. કોઈ જીવનો ઘાત ન કરવા ઉપરાંત કોઈ પ્રત્યે ઈર્ષા-દ્વેષ કે ક્રોધ ન કરવો, એ ઉચિત પ્રકારની માનસિક અહિંસા છે. પ્રત્યેક જીવનું શુભચિંતન, હિતચિંતન કરી જગતના સર્વ જીવો સુખી થાવ તે પ્રકારની વૃત્તિ એ અહિંસાનું શ્રેષ્ઠ ભાવનાત્મક સ્વરૂપ છે. ક્ષમા માગો અને ક્ષમા આપો. મિચ્છામિદુક્કડમ કહી જૈનો આખા વર્ષમાં જાણે અજાણે, નાનું-મોટું અંતરમનથી કે વ્યવહાર, બોલ-ચાલમાં કોઈને પણ પહોંચાડેલ દુઃખનું પ્રાયશ્ચિત કરી, માફી માંગી લેતા હોય છે. આવા તહેવારો - પર્વો આપણને આંતર-ચેતનાની જાગૃતિ દ્વારા ગુણોની ધારણા કરી જીવનને પરિવર્તન કરવા માટે દર વર્ષે આવતા જ રહે છે. ઉત્સવો જીવનમાં ઉમંગ-ઉત્સાહ ખુશી લાવે છે.

વર્તમાન સમયે સમાજમાં જ્યારે ચોતરફ ભ્રષ્ટાચાર, પાપાચાર અને અધર્મ જ્યારે વ્યાપક સ્વરૂપે ફેલાઈ ગયા છે ત્યારે ગુણોના જતન માટેનું પર્વ અર્થાત્ 'ગણેશ ચતુર્થી'. સાંપ્રત સમયમાં ત્યારે ગણપતિ ચોથનું મહત્ત્વ ખૂબ વધી જાય છે. નૈતિક-માનવીય મૂલ્યોના પતનથી તથા પાપ વધી જવાથી પ્રકૃતિ પણ તંગ થઈ ગઈ છે. ઉત્તર પ્રદેશના કોઈ એક ગામમાં દુષ્કાળ હોય ત્યારે કેરળ કે તામિલનાડુમાં વિનાશકારી વરસાદ હોય. હવે પ્રકૃતિના તત્ત્વોને શાંત કરવા પણ માનવીએ પાપ બંધ કરી પુણ્યસંચયનો માર્ગ અપનાવવો પડશે. સાંપ્રત સમયમાં હવે પુણ્યનો માર્ગ અવશ્ય અપનાવવાનો સમય આવી ચૂક્યો છે. હવે વાસ્તવિકતા એ છે કે, મને કે કમને તે અપનાવવો જ પડશે. મૂલ્ય આધારિત સમાજની પુનઃ-સ્થાપનાની સદ્‌ગુણોના વિકાસ માટે ગણપતિ ચોથ પર્વનું અનોખું વિશિષ્ટ મહત્ત્વ બની રહે છે. હવે તો આ પર્વ સમગ્ર ભારતમાં દરેક ધર્મ, જાતિના ભાઈ-બહેનો ભાદરવા સુદ ચોથ થી અનંત ચૌદશ સુધી

11 દિવસ સુધી ગણેશ સ્થાપના કરી ખૂબ ધામ-ધૂમથી ઉજવે છે. મહારાષ્ટ્રમાં આ તહેવાર 'ગણપતિ બાપા મોરિયા'ના નાદથી ગલી ગલીમાં ગુંજી ઉઠે છે.

'વક્રતુંડ મહાકાય, સૂર્ય કોટિ સમપ્રભઃ
નિર્વિધ્ન કુર્મ દેવઃ, સર્વકાર્યષુ સર્વદા'

નિર્વિધ્નને સદા સર્વ કાર્યો પૂર્ણ કરાવનાર, મોટા પેટવાળા દેવશ્રી ગણેશની વંદનાની ઉપરોક્ત શ્લોક ખૂબ પ્રચલિત છે. ગણેશ વિધ્નહર્તા દેવ હોવાથી શુભ કાર્યોમાં સર્વ પ્રથમ તેમની પૂજા થાય છે. ગણેશનું સ્વરૂપ અતિ વંદનીય છે. અત્યારે યુવાનો વૃદ્ધ અને અસહાય માત-પિતાને ઘરડાઘરમાં મૂકી આવી તેમને અને પોતાની જાતને આપત્તિમાં મૂકે છે. ત્યારે તેમના માટે આ દેવ આદર્શદેવ બની રહ્યા છે. શંકર-પાર્વતીના બે સંતાનો કાર્તિકેય અને ગણેશ વચ્ચે શરત લાગી કે, ચારે ધામની યાત્રા કરી પ્રથમ જે માતા-પિતા પાસે આવે તેને ઈનામ જીતવાના હકદાર બને. કાર્તિકેયે ગગનવિહાર શરૂ કર્યો ત્યારે બુદ્ધિશાળી દુંદાળા ગણેશ માતા-પિતાની ચારે બાજુ પ્રદક્ષિણા કરી પ્રથમ ઈનામ જીતેલું. તેથી કહી શકાય કે, પોતાના જન્મદાતા માતા-પિતાની સેવાનું પુણ્ય એ ચાર ધામની યાત્રાના પુણ્ય કરતાં સવિશેષ છે.

## ગણેશ શબ્દનો ભાવાર્થ

અહીં ગણેશ શબ્દમાં ગણ એટલે ગુણો તરીકે ગણાય છે. ઈશ એટલે ઈશ્વર. ગણેશ અર્થાત્ ગુણોના ઈશ્વર ગણપતિ. ગણપતિ અર્થાત્ ગુણોના પતિ. ગણપતિને ગણનાયક કહે છે. ગુણનાયક અર્થાત્ ગુણોમાં નાયક, ગુણોમાં અગ્રેસર, ગણેશ ગુણોના ભંડાર કહેવાય છે. ગણેશ અર્થાત્ ગજાનનની મુખાકૃતિ. ગજ અર્થાત્ જેના વિવિધ અંગો વિભિન્ન ગુણોની અભિવ્યક્તિ કરે છે. ગજશિર ડહાપણ અને વિશ્વસનીયતાનું પ્રતિક છે. ગજચાલ ધૈર્યતા અને ક્ષમાને જતું કરે છે. ગજસૂંઢ સામર્થ્યની સાથે નમ્રતા સૂચવે છે. ગજનેત્ર દીર્ઘદૃષ્ટિ અને ગુણગ્રાહકતા દર્શાવે છે. ગજદંત ગંભીરતા તથા મોટું પેટ રાખીને સમાવવાનો ગુણ દર્શાવે છે. પર્વની યથાર્થ ઉજવણી ત્યારે કહેવાય કે ગણપતિનાં આ વિવિધ ગુણોને જીવનમાં અપનાવીએ.

॥ ઓમશાંતિ ॥

---

**(પેજ નં. 23નું અનુસંધાન)... આત્મિક સુંદરતા**

છે. પરંતુ આજે જરૂર છે આત્મિક જાગૃતિ દ્વારા જ્ઞાન દીપક પ્રગટાવીને અંતરમાં અજવાળુ કરવાની. જ્યારે આત્માની વાસ્તવિક સુંદરતા દૃશ્યમાન થાય છે, ત્યારે સહેજે બનાવટી સુંદરતામાંથી નજર હટી જશે, ખોટી પ્રપંચી ઈચ્છાઓ ખત્મ થશે. આંતરિક સુંદરતાના નિખારથી જ સ્વર્ગીક સુખોનો સાગર હિલોળા લેશે. ભલે આધુનિક યુગમાં ભૌતિક સુખોની આજે ભરમાર છે, પરંતુ વિનાશી ક્ષણિક સુખ અસલી આત્મિક આનંદનો સ્વાદ ક્યાં આપે છે? જીવનની ખરી મજા તો સ્વચ્છતા, સરળતા, સાત્વિકતા ભરેલ સદગુણોને આત્મસાત કરીને પૂણ્યશાળી કાર્યો કરવામાં છે. સમયની માંગ એ જ છે કે, હાડ-માંસની વિનાશી કાયાની માયાથી મનનું ધ્યાન હટાવી, બુદ્ધિને સત્યમ શિવમ સુંદરમનાં મહાન ગુણ-ચરિત્રોમાં તલ્લીન કરવી અને પોતાને શિવ સમાન સદગુણોથી શણગારવી. ત્યારે જ આત્મામાં સાચી સુંદરતા ચમકશે, મનુષ્યનો ઉદ્ધાર થશે તેમજ પૃથ્વી પર આત્મિક સૌંદર્યથી જ સ્વર્ણિમ સૃષ્ટિ સજશે.

॥ ઓમશાંતિ ॥

# પ્રસંગ પરિમલ

## સંસ્કારોથી જ ઉત્પન્ન થાય છે મનનો વ્યવહાર

એક રાજાની પાસે સુંદર ઘોડી હતી. આ ઘોડીએ કેટલીયે વાર યુદ્ધમાં રાજાના પ્રાણ બચાવ્યા હતા. ઘોડી રાજા માટે પૂરી વફાદાર હતી. કેટલાક દિવસો પછી આ ઘોડીએ બાળકને જન્મ આપ્યો. બાળક કાણું જન્મ્યું. પણ શરીર હષ્ટ-પુષ્ટ અને સુડોળ હતું. બાળક મોટું થયું. બાળકે માને પૂછ્યું, મા હું બહુ જ બળવાન છું પણ કાણી છું. આમ કઈ રીતે બન્યું ? એના જવાબમાં ઘોડી બોલી, બેટા જ્યારે હું ગર્ભવતી હતી ત્યારે રાજાએ મારા ઉપર સવારી કરતાં મને એક કોરડો મારી દીધો. જેના કારણે તું કાણી થઈ ગઈ. આ વાત સાંભળીને બાળ ઘોડીને રાજા ઉપર ગુસ્સો આવ્યો. માને તે કહેવા લાગી મા હું એનો બદલો લઈશ.

માએ કહ્યું, રાજાએ આપણું પાલન પોષણ કર્યું છે. તું જો સ્વસ્થ છે, સુંદર છે, એના પોષણથી જ છે. જો રાજાને એકવાર ગુસ્સો આવ્યો તો એનો અર્થ એ નહીં કે આપણે એને ક્ષતિ પહોંચાડીએ. પરંતુ તે બાળ ઘોડીની સમજમાં કાંઈ આવ્યું નહીં. એણે મનમાંને મનમાં રાજાનો બદલો લેવાનું વિચાર્યું. તે સદા રાજા સાથે બદલો લેવા બાબત વિચારતી હતી. એક દિવસ એને એ તક પણ મળી ગઈ. રાજા તેને યુદ્ધ ભૂમિમાં લઈ ગયો. યુદ્ધ લડતાં લડતાં લડતાં રાજા એક જગ્યાએ ઘાયલ થઈ ગયો. ઘોડાની પાસે રાજાને યુદ્ધના મેદાનમાં છોડીને મેદાનમાંથી ભાગી જવાનો પૂરો મોકો હતો. તે આવું કરત તો રાજા પકડાઈ જાત કાંતો દુશ્મનોના હાથે મરી જાત. પણ એ ઘોડાના મનમાં એવો કોઈ વિચાર આવ્યો નહીં. તે રાજાને તરત ઉઠાવીને મહેલમાં લઈ આવ્યો. આ વાત પણ ઘોડાને આશ્ચર્ય થયું. એણે એનીમાને પૂછ્યું, આજે રાજા પાસેથી બદલો લેવાનો સારો મોકો હતો, પણ યુદ્ધના મેદાનમાં બદલો લેવાનો ખ્યાલ જ આવ્યો નહીં. મને સાબિતી નહીં આપી કે રાજાથી બદલો લઈએ આમ કેમ થયું? આ સાંભળીને ઘોડી હસીને બોલી, તારા લોહી અને સંસ્કારમાં દગો છે જ નહીં. તું જાણી સમજીને તો દગો કરી ના શકે. તારાથી નમક હરામી તો થઈ નથી શકતી. કારણ કે તારી જાતમાં તારી માનો અંશ તો છે જ. તેં મારા સંસ્કારો લીધા છે. તેને તું અવગણી શકે નહીં.

**ઉપદેશ -** જેવા આપણા સંસ્કાર હોય છે તેવા આપણા પારિવારિક સંસ્કારો અવચેતન મનમાં ગહન બેસી જાય છે. માતા-પિતા જેવા સંસ્કારના હોય છે, તેમના બાળકોનાં પણ તેવા સંસ્કારો હોય છે. જો આપણે કર્મોને સારી અને ઉચ્ચ દિશા આપી દઈએ તો સંસ્કાર સારા બનશે. સંસ્કાર સાચા બનશે તો પ્રારબ્ધનું ફળ સારું રહેશે.

## પડકારોને જોવાનો દૃષ્ટિકોણ

એકવાર એક મહિલા પોતાના કેટલાક મિત્રો સાથે હોટલમાં ખાવાનું ખાવા ગઈ. હોટલ કંઈ મોટી નહોતી. ઢાબા જેવી હતી. બધાં લોકો બેસી ગયાં અને ભોજન કરવા લાગ્યાં. આ વખતે એક વંદો ઉડીને એ મહિલાના ખભા ઉપર આવીને બેસી ગયો. આ જોઈને તે મહિલા ચીસો પાડવા લાગી. એને જોઈને એના મિત્રો જ નહીં પણ હોટલના બીજા લોકો પણ ચીસો પાડવા લાગ્યા. આ જોઈને વંદો ઉડી ગયો. આ વખતે હોટલમાં બેઠેલી મહિલાના કાન ઉપર જઈને બેઠો. ગયા વખતની જેમ આ મહિલા પણ ચીસો પાડવા લાગી.

આ વખતે પાછળ ઊભેલો વેઈટર બધું જોઈ રહ્યો હતો. જ્યારે તે કંઈ સમજે તે પહેલાં વંદો વેઈટરના નાક પર બેસી ગયો. પણ વેઈટરે ચીસ પાડી નહીં. તે એકદમ સ્થિર બનીને ઊભો રહ્યો. એણે વંદાને પણ સ્થિર કર્યો. પછી ધીરેથી તેણે પોતાનો હાથ ઊઠાવ્યો અને વંદાને હાથથી પકડીને હોટલ બહાર ફેંકી દીધો. હવે વિચારવા જેવી વાત એ છે કે માત્ર વંદો કોઈના ઉપર બેસી જવાથી આટલી હલચલ મચી ગઈ પણ વંદો વેઈટર ઉપર પણ બેઠો હતો. પણ તે એકદમ શાંત હતો એટલે સમસ્યાનો ઉકેલ આવી ગયો. જો વેઈટર પણ ગભરાઈ જતો અને ચીસો પાડવા લાગતો, તે સ્થિતિને કાબુમાં લાવી શકત નહીં. આ વાર્તામાંથી એ **સારાંશ** નીકળે છે કે આપણી સફળતા એ વાત ઉપર નિર્ભર કરે છે કે આપણે પડકારો પ્રત્યે કેવી પ્રતિક્રિયા આપીએ છીએ.

## રાજા અને તેનો સેવક વાનર

એક સમયની વાત છે. એક રાજાએ પાળેલો વાનર પોતાના સેવકના રૂપે રાખ્યો હતો. રાજા જ્યાં જાય, ત્યાં આ વાનર પણ તેની સાથે જતો. રાજાના દરબારમાં એ વાનરને રાજાનો પાળેલો હોવાથી કોઈ રોકટોક કરતું નહોતું. ઉનાળાની ઋતુમાં રાજા પોતાના પલંગમાં વિશ્રામ કરી રહ્યો હતો. આ વાનર પણ પલંગ પાસે બેસીને રાજાને એક પંખાથી હવા નાખતો હતો. ત્યારે એક માખી આવી અને રાજાની છાતી ઉપર જઈને બેઠી. જ્યારે વાનરે એ માખીને જોઈ, તો તેણે માખીને ઉડાડવાનો પ્રયાસ કર્યો. દરેક વખતે માખી ઉડી જતી અને થોડી વાર પછી રાજાની છાતી ઉપર આવીને બેસી જતી. આ જોઈને વાનર ગુસ્સાથી લાલ પીળો થઈ ગયો. ગુસ્સામાં માખીને મારવા માટે હથિયાર શોધવા લાગ્યો. થોડે દૂર તેણે રાજાની તલવાર જોઈ. એણે તલવાર ઉઠાવીને ઘણા જોરથી રાજાની છાતી પર મારી દીધી. તલવારના પ્રહારથી તો માખી મરી નહીં પણ રાજા મરી ગયો.

**શિક્ષા -** કોઈને પોતાનો સેવક બનાવતાં પહેલાં જોઈ વિચારીને બનાવો.

## સફળતામાં અવરોધ

એકવાર સ્વામી વિવેકાનંદના આશ્રમમાં એક માનવ આવ્યો જે જોતાં જ ઘણો દુઃખી લાગતો હતો. તે માનવે આવતાં જ સ્વામી વિવેકાનંદના પગે પડ્યો અને બોલ્યો, ‘મહારાજ! હું મારા જીવનમાં ઘણો દુઃખી છું.’ હું દરરોજ ખૂબ જ મહેનત કરું છું. ઘણી લગનથી કામ કરું છું. પરંતુ મને કદી સફળતા મળતી નથી. ભગવાને મને આવું નસીબ શા માટે આપ્યું છે? હું ભણેલો ગણેલો અને પુરુષાર્થી હોવા છતાં સફળ થયો નથી.’ સ્વામીજી એ વ્યક્તિની પરેશાનીને બરાબર સમજી ગયા. એ દિવસોમાં સ્વામીજી પાસે એક નાનો પાળેલો કૂતરો હતો. એમણે એ વ્યક્તિને કહ્યું, ‘તમે થોડા દૂર જઈને તેને ફેરવી લાવો. પછી હું તમારા સવાલનો ઉત્તર આપીશ.’

એ વ્યક્તિએ ઘણા આશ્ચર્યથી સ્વામીજી તરફ જોયું પછી કૂતરાને ફેરવવા નીકળી પડ્યો. ઘણા સમયથી, ઘણી લાંબી સફર કરીને આવ્યો છતાં તેનો ચહેરો ચમકતો હતો. જ્યારે કૂતરો હાંફતો હતો અને ખૂબ થાકેલો હતો. સ્વામીજીએ પૂછ્યું, ‘આ કૂતરો આટલી ઝડપથી કઈ રીતે થાકી ગયો? જ્યારે તમે તો સ્વચ્છ અને થાક્યા વિનાના દેખાઓ છો.’ એ વ્યક્તિએ કહ્યું, ‘હું તો સીધો મારા રસ્તે ચાલી રહ્યો હતો, પછી આ કૂતરા શેરી શેરીએ બધા કૂતરાઓ પાછળ દોડી રહ્યો હતો. તે ભસીને મારી પાસે આવી જતો. અમે બન્નેએ એક સમાન રસ્તો જ કાપ્યો છે પણ કૂતરો મારા કરતાં

વધારે દોડતો હતો. એટલે તે થાકી ગયો છે.' સ્વામીજીએ હસતાં હસતાં કહ્યું, 'આજ તમારા બધા પ્રશ્નોનો જવાબ છે. તમારી મંઝિલ તમારી આસપાસ જ છે, તે વધારે દૂર નથી. પણ તમે મંઝિલ ઉપર પહોંચવાને બદલે બીજાઓ પાસે ભાગતા રહ્યા છો આમ તમારી મંઝિલથી દૂર થતા જાઓ છો.'

રુહાની મિત્રો, આ વાત આપણા દૈનિક જીવનને પણ લાગુ પડે છે. આપણે હંમેશાં બીજાઓનો પીછો કરીએ છીએ. કોઈ ડોક્ટર છે તો મારે પણ ડોક્ટર બનવું છે. કોઈ એન્જીનિયર છે તો મારે પણ એન્જીનિયર બનવું છે. તેઓ વધારે કમાણી કરી રહ્યા છે તો મારે પણ વધારે કમાણી કરવી છે. આ પ્રકારે વિચારવાને કારણે તમે તમારી પ્રતિભા ગુમાવી બેસો છો. જીવન સંઘર્ષમય બની જાય છે. તો બીજાઓની સ્પર્ધા કર્યા સિવાય પોતાની મંઝિલ સ્વયં નક્કી કરો. આત્મનિરીક્ષણ અને આત્મોન્નતિ આપની પોતાની જ જવાબદારી છે, બીજા કોઈની નહીં.

## પ્રાર્થના

પરમસિદ્ધ સંત રામદાસજી જ્યારે પ્રાર્થના કરતા હતા ત્યારે કદી એમના હોઠ હલતા નહોતા. શિષ્યોએ પૂછ્યું જ્યારે અમે પ્રાર્થના કરીએ છીએ ત્યારે અમારા હોઠતો હલે છે. આપના હોઠ હલતા નથી? આપ પથ્થરની મૂર્તિની જેમ ઊભા રહી જાઓ છો. આપ કહો છો શું છે અંદરથી. જ્યારે તમે અંદરથી કંઈક કહેશો તો હોઠ હલવા લાગશે. ચહેરા ઉપર હલવાનો ભાવ આવી જાય છે. પરંતુ આપના ચહેરા પર તો એ ભાવ પણ આવતો નથી.

સંત રામદાસજીએ કહ્યું, હું એકવાર રાજધાની પરથી પસાર થયો અને રાજમહેલના દરવાજે મેં સમ્રાટને ઊભેલા જોયા. એક ભિખારી પણ ત્યાં ઊભેલો જોયો. ભિખારીના શરીર પર ફાટેલાં તૂટેલાં કપડાં હતાં. ઘણા વખતથી એને ભોજન મળ્યું ના હોય તેવું શરીર જીર્ણ હતું. શરીર સૂકાઈને કાંટા જેવું બની ગયું હતું. માત્ર તેની આંખો જ દીવાની જેમ ઝગમઘતી હતી. બાકીનું શરીર બધી બાજુથી વિલિન થઈ ગયું હતું. તે કઈ રીતે ઊભો હતો જાણે કે હમણાં પડી જશે.

સમ્રાટે એને કહ્યું, બોલો શું ઈચ્છો છો? એ ભિખારીએ કહ્યું જો મારા આપના દ્વાર પર ઊભા રહેવાથી તમને મારે શું જોઈએ છે તેની ખબર પડતી નથી તો તમને કહેવાની કંઈ જરૂર નથી. બીજું શું કહેવું છે. હું દ્વાર પર ઊભો છું. મને જ જોઈ લો. અહીં મારું હોવું એજ મારી પ્રાર્થના છે.

સંત રામદાસજીએ કહ્યું કે એજ દિવસથી મેં પ્રાર્થના બંધ કરી દીધી છે. હું પરમાત્માના દ્વાર પર ઊભો છું. તે મને જોઈ લેશે. હું શું કહું? જો મારી સ્થિતિ કંઈ કહેતી નથી તો શબ્દો શું કહેશે? જો મારી સ્થિતિને સમજી શકતા નથી તો શબ્દોને શું સમજશે.

તેથી સાચો ભાવ અને દૃઢ વિશ્વાસની પરમાત્માની યાદનાં આ લક્ષણ છે. અહીં માંગવાનું કંઈ બાકી રહેતું નથી. આપનું પ્રાર્થનામાં હોવું જ પર્યાપ્ત છે.

## સમર્પણ અને અહંકાર

વૃક્ષની સૌથી ઊંચી ડાળી પર લટકેલું નાળિયેર રોજ નદીમાં રહેલા પથ્થરની મજાક કરતું હતું. તારા નસીબમાં બસ એક જ જગ્યાએ પડી રહીને નદીના ધારાઓના પ્રવાહને સહન કરવાનું જ લખ્યું છે. જોજો એક દિવસ પડી પડીને ઘસાઈ જશો. મને જુઓ કેવી શાનથી ઉપર બેઠો છું. પથ્થર દરરોજ એની અહંકારભરી વાતો સાંભળી ના સાંભળી કરી દેતો હતો. સમય વીત્યો

તેમ તે પથ્થર ઘસાઈને ગોળ બની ગયો. વિષ્ણુ પ્રતીક શાલીગ્રામના રૂપે એક મંદિરમાં તેની સ્થાપના કરવામાં આવી. એક દિવસે તે જ નારિયેળ તે શાલીગ્રામની પૂજન સામગ્રીના રૂપે મંદિરમાં લાવવામાં આવ્યું. શાલીગ્રામે નાળિયેરને ઓળખતાં કહ્યું કે 'ભાઈ જુઓ, ઘસાઈ ઘસાઈને આ સ્થિતિએ પહોંચેલો હું ભગવાનના પ્રતાપે પૂજાઉં છું. આવા લોકો સૌના આદરપાત્ર બને છે. જ્યારે અહંકાર કરનાર પોતાના દંભના કારણે નીચે આવે છે. તું કાલ સુધી આસમાન પર હતું. આજે તું તૂટીને કાલે સડવા લાગીશ. પણ મારું અસ્તિત્વ હવે કાયમ રહેશે. ભગવાનની સામે મૂલ્ય સમર્પણનું છે, અહંકારનું નથી.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 11નું અનુસંધાન)...મર્યાદાની રેખા**

ઈશ્વરીય જ્ઞાન, સહજ રાજયોગ, દિવ્ય ગુણોની ધારણા તથા ઈશ્વરીય સેવા ઉપરાંત સહયોગ પણ આપણો પાંચમો અધ્યયન વિષય છે. મર્યાદા-પાલન સંબંધી આ પહેલાં પણ કેટલીકવાર લખી ચૂક્યો છું. પરંતુ સત્યતા એ છે કે મર્યાદા પણ આપણો એક અધ્યયન વિષય અથવા અભ્યાસ વિષય છે. ઉત્તમ મર્યાદાનું પાલન કર્યા વિના સતયુગમાં દેવકુળ અને રાજ્યકુળમાં રાજ્યભાગ્ય પ્રાપ્ત કરવાનું સંભવ નથી. નિર્વિકાર અને દિવ્ય ગુણ સંપન્ન બનવાની સાથે સાથે મર્યાદા પુરુષોત્તમ બનવાનું પણ આપણા લક્ષ્યમાં સમાયેલું છે. એ ત્યાં સુધી કે જે મર્યાદા ભંગ કરનારાઓ છે એમના એ કાર્યમાં સાથી બનવું એ પણ ઈશ્વરીય વારસાથી સ્વયંને વંચિત કરવા બરાબર છે.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 21નું અનુસંધાન)...નકારાત્મકને**

કારણે મને સ્વયંની સેવા યા પુરુષાર્થ માટે સમય મળતો નથી. તેથી હું ચીડિયો બની જાઉં છું. હું શું કરું? આ વિશે મેં જણાવ્યું કે તમે સેવામાં જેટલા વ્યસ્ત રહેશો તેટલું ભાગ્ય બનશે. આપની પાસે વધારે લોકો આવે છે. જેની પાસે સેવા નથી એના ભાગ્યની દુકાન પણ ઓછી ચાલે છે. તમારા માટે ભાગ્ય બનાવવાની સીઝન ચાલે છે. સ્વયં ભાગ્ય તમારા દ્વારે આવે છે. તેનો ફાયદો ઉઠાવીને ભાગ્યવાન બનો. આ સાંભળીને તેને ઘણું સારું લાગ્યું. ધીરે-ધીરે ચીડિયાપણું સમાપ્ત થઈ ગયું.

કોઈપણ પરિસ્થિતિમાં હાર ખાવાને બદલે આ વ્યક્તિથી દૂર જવાને બદલે પોતાના વિચારોને હકારાત્મક રૂપમાં બદલી દો. ત્યારે આપણે વ્યર્થથી મુક્ત બની શકીએ છીએ.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 19નું અનુસંધાન)... જીવન સરોવરમાં**

## યોગાભ્યાસી માટે સંતુષ્ટતાની મહત્તા

યોગનો અભ્યાસ આત્માની ખામી, નબળાઈઓ દૂર કરવા માટે છે. તે માટે સર્વોચ્ચ સત્તા સાથે સંબંધ જોડીને, આધ્યાત્મિક શક્તિઓથી સંપન્ન બનીને, લોક પરલોક, વર્તમાન અને ભવિષ્ય સુખ શાંતિમય, સફળ અને સંતુષ્ટ બની શકે. સંતુષ્ટતા વિના મન એકાગ્ર થતું નથી. જીવન શ્રેષ્ઠ બનાવવા માટે પરમાત્માનો સહૃદય આભાર માનીએ. કોઈ પણ આપણાથી અસંતુષ્ટ છે તો એને શુભભાવના શુભ કામના આપી શકીશું નહીં.

**॥ ઓમશાંતિ ॥**

# કોરોનાથી કેન્સર સુધી - એક વરદાની યાત્રા

બ્ર.કુ. હેમાંગ, એડિસન, ન્યૂ જર્સી, યુ.એસ.એ.

હું એક સમર્પિત ભાઈ છું. છેલ્લાં 21 વર્ષોથી અમેરિકામાં એડિસન સેન્ટરમાં રહી સેવા આપું છું. હું સોફ્ટવેર એન્જિનિયર છું. દર વર્ષે એક વાર ભારતની મુલાકાતે આવું છું.

છેલ્લી મુલાકાત માર્ચ 2021માં, હું એવા સમયે ભારત ગયો હતો જ્યારે કોરોના વાયરસ ચરમસીમાએ હતો. યુએસ પરત ફરતી વખતે મારે એક પરીક્ષણ કરાવવું પડ્યું. પરિણામ COVID-19 પોઝિટિવ આવ્યું. શરીરે ઘણાં અઠવાડિયા સુધી ખૂબ જ તીવ્ર તાવ સાથે સંઘર્ષ કર્યો. વિવિધ ઉપચાર પછી તાવ આખરે ઓછો થઈ ગયો પણ કફ ચાલુ રહ્યો. ડોક્ટરે સલાહ આપી કે મારા ફેફસાંનું એચઆર સીટી સ્કેન કરવામાં આવે.

મારાં લૌકિક બહેન, બ્ર.કુ. ઈશિતાબેન (નવરંગપુરા, અમદાવાદ) મારી સાથે હતાં. જ્યારે હોસ્પિટલના ટેક્નિશ્યને પૂછ્યું કે કયો ટેસ્ટ કરાવવાનો છે ત્યારે ઈશિતાબેને એચઆર સીટી સ્કેનને બદલે ‘સીટી સ્કેન’ કહ્યું. તેથી એચઆર સીટી સ્કેન (માત્ર ફેફસાંના સ્કેનિંગ)ને બદલે સીટી સ્કેન અર્થાત્ આખા શરીરનું સ્કેનિંગ થઈ ગયું. રિપોર્ટ આવ્યો ત્યારે અમને ખ્યાલ આવ્યો કે ઈશિતાબેને કહેવામાં ભૂલ કરી હતી.

પરંતુ શું તે ખરેખર ભૂલ હતી, કે બાબાના આશીર્વાદ હતા? કારણ કે કિડનીમાં એકદમ કંઈક શંકાસ્પદ મળી આવ્યું. પછી સ્થાનિક યુરોલોજિસ્ટે (કિડની નિષ્ણાત) મને રેનલ એન્જીયોગ્રાફી કરાવવા સૂચવ્યું. અહેવાલે પુષ્ટિ આપી કે મારે ખરેખર જમણી કિડનીમાં ગાંઠ હતી. ડોક્ટરે મને કહ્યું કે હું કેટલો નસીબદાર છું કે ગાંઠ કિડનીની અંદર મર્યાદિત હતી. બાકીના શરીરમાં તે ફેલાઈ ન હતી. તેમણે કહ્યું કે કિરણોત્સર્ગની કોઈ જરૂર નથી. હું કેન્સર મુક્ત થઈ શકું છું , ફક્ત એક કિડની દૂર કરવી પડશે.

3-4 કલાકના ચિંતન પછી, મેં મારું મન તૈયાર કર્યું. ડ્રામાનું આ અણધાર્યું દ્રશ્ય સ્વીકાર્યું. અમે અમદાવાદમાં સર્જરી કરાવવાનું નક્કી કર્યું. મેં અમેરિકામાં નિમિત્ત સેન્ટરની બહેનોને માહિતી આપી, પરંતુ તેઓને લાગ્યું કે મારે અમેરિકામાં આવીને સર્જરી કરાવવી જોઈએ.

તે જ રવિવારે બાબાએ અવ્યક્ત મુરલીમાં કહ્યું કે બાળકોએ તમામ પ્રકારનો બોજો બાબાને સોંપી નિશ્ચિંત થઈ જવું જોઈએ. બાબા કોઈપણ ભાર સહન કરવા તૈયાર છે. મેં તે મુરલી 3 થી ૪ વખત વાંચી. દરેક વખતે મને ખરેખર એવું લાગ્યું કે જાણે બાબા મને મારો તમામ ભાર તેને આપવા માટે કહે છે. મેં જોયું કે જે ભૂલ હોવાનું માનવામાં આવતું હતું તે ખરેખર કેટલું વાસ્તવિક અને ફાયદાકારક હતું. COVID-19 ખરેખર મારા માટે આશીર્વાદ હતું કારણ કે તેનાથી મને સીટી સ્કેન કરાવવાની ફરજ પડી, જેમાં ડોકટરોને માલૂમ પડ્યું કે મને સ્ટેજ-1 કિડનીનું કેન્સર છે. જે સામાન્ય રીતે તેનાં લક્ષણો દેખાય ત્યારે જ જાણી શકાય છે. આ લક્ષણો દેખાય ત્યાં સુધીમાં આ કેન્સર ત્રીજા કે ચોથા તબક્કામાં પહોંચી ગયું હોય છે. પરંતુ આખા શરીરનું સીટી સ્કેન કર્યું હોવાથી, સમયસર ખબર પડી ગઈ.

મને સમય પહેલાં ચેતવણી સંકેતો મોકલવા બદલ મેં બાબા અને ડ્રામાનો આભાર માન્યો.

અત્યંત ખુશીને લીધે મારી આંખોમાં બાબા પ્રત્યેના પ્રેમ અને કૃતજ્ઞતાના આંસુ આવી ગયાં. મેં મારી જાતને કહ્યું, 'જો બાબા અને ડ્રામા મારી સંભાળ લેતા હોય, તો હું શા માટે દખલ કરું?' એ વિચાર સાથે જ મેં બાબાને બધું જ સોંપી દીધું. આમ કર્યા પછી મારા મનમાં શું, કેમ, કેવી રીતે બન્યું તેનો એક પણ સવાલ ઉદ્‌ભવ્યો નથી.

આ દરમિયાન યુ.એસ.એ., ન્યુ જર્સીમાં, એડિસન સેવાકેન્દ્રની જ એક બહેન, જેને તબીબી ક્ષેત્રમાં સારી ઓળખાણ છે, તેમણે મને કહ્યું કે તે મદદ કરી શકે. પરંતુ ત્યાં સુધીમાં મેં મારું મન નક્કી કરી લીધું હતું. મેં તમામ નિર્ણય સહિત તમામ બાબતો બાબાને સોંપી દીધી હતી. અમે અમદાવાદમાં સર્જરી કરાવવાનું નક્કી કર્યું હતું. હવે તેના વિશે વિચારવાનું કોઈ કારણ નહોતું. પરંતુ જ્યારે તે બહેને મને સંપર્ક કર્યો તો, મેં તેને એક સંકેત ગણ્યો કે કદાચ બાબાએ તેની બુદ્ધિને સ્પર્શ કર્યો હશે. તેથી મેં તેમને મારો મેડિકલ રિપોર્ટ મોકલ્યો. બે જ કલાકમાં તેમણે જવાબ આપ્યો કે તેમના માસીનો દીકરો ન્યૂયોર્કની મેમોરિયલ સ્લોન કેટરિંગ (એમએસકે) હોસ્પિટલમાં વિશ્વ-વિખ્યાત કેન્સર સર્જન છે. તે ભાઈએ તાત્કાલિક પાછા આવવાનું કહ્યું કારણ કે એમએસકે હોસ્પિટલમાં તેમનું લક્ષ્ય શરીરના તમામ અવયવોને સુરક્ષિત રાખીને કેન્સરનો ઇલાજ કરવાનો હોય છે. જ્યારે મેં આ સમાચાર સાંભળ્યા ત્યારે હું સમજી ગયો કે બાબા પડદા પાછળ કામ કરી રહ્યા છે. થોડા કલાકોમાં બધું ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું હતું. હું જાણતો હતો કે આ બાબાની મોટી યોજના છે. તેમાં મારો પાર્ટ કદાચ વિશ્વના શ્રેષ્ઠ ડોકટરો - નર્સોની સેવા કરવાનો છે.

એક અઠવાડિયા પછી, હું યુ.એસ. પાછો ગયો. ત્રણ અઠવાડિયા પછી કિડનીની રોબોટિક સર્જરી થઈ. સર્જરી પહેલાના બે અઠવાડિયામાં અમે કેટલાંક પરીક્ષણો કરવા માટે ઘણી વખત હોસ્પિટલમાં ગયા. દરેક વખતે અમે ડોકટરો - કર્મચારીઓની સેવા બ્લેસિંગ કાર્ડ તેમ જ ઈશ્વરીય જ્ઞાન આપીને કરી. અમે દર વખતે ખૂબ શક્તિશાળી પ્રકંપનનો અનુભવ કરાવવાનું સુનિશ્ચિત કર્યું હતું. એટલે સુધી કે ઓપરેશન થિયેટરમાં જવાની થોડી ક્ષણો પહેલાં નર્સો અને સહાયકો મને ઓપરેશન માટે તૈયાર કરતા હતા, ત્યારે બાબાએ ખરેખર મને એવું ટચિંગ કર્યું કે મારે તેમને થોડા સમય માટે યોગની અનુભૂતિ કરાવવી જોઈએ, જેના દ્વારા સર્જન અને તેની ટીમ સક્ષમ બને. સ્વરાજ્ય અધિકારીની સ્મૃતિ દ્વારા તે આ કાર્ય સરળતાથી એકાગ્રતા અને ચોકસાઈથી કરી શકે.

બરાબર એ જ બન્યું. સર્જરી અપેક્ષા કરતાં એક કલાક પહેલાં પૂર્ણ થઈ. 95% કિડની પણ બચી ગઈ. સમગ્ર કાર્યવાહી એટલી સરળ થઈ કે સર્જન પણ દંગ રહી ગયા. તેમણે અમને કહ્યું પણ ખરું, 'આ બધું તમે જે સકારાત્મક ઉર્જા સાથે લાવ્યા તેના કારણે થયું છે.'

સર્જરી પછી ખૂબ જ ઝડપથી હું સ્વસ્થ થઈ ગયો! 2 દિવસ પછી હું 2 માઇલ સરળતાથી ચાલવા સક્ષમ હતો. હું જાણું છું કે બાબા અને બ્રાહ્મણ પરિવારની અમર્યાદિત દુઆઓ વિના આ શક્ય બન્યું ન હોત! મારી મર્યાદિત બુદ્ધિથી હું ભારત દેશના અમદાવાદ શહેરમાં સર્જરી કરાવવાનું વિચારી રહ્યો હતો. કદાચ મારી આખી કિડની ગુમાવી દીધી હોત, પરંતુ જુઓ બાબાની કમાલ કે કેવી રીતે બાબાએ વિશ્વની સર્વશ્રેષ્ઠ કેન્સર હોસ્પીટલોમાંની એક પસંદ કરી. એક શ્રેષ્ઠ સર્જનને નિમિત્ત બનાવી મારી કિડનીને બચાવી લીધી. શ્રેષ્ઠ સર્જન સાથે સુપ્રીમ સર્જન બાબા પણ

**(અનુસંધાન પેજ નં. 33 પર)**

# જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ

બ્ર.કુ. ડૉ. નિરંજના, અલકાપુરી, વડોદરા

દૃષ્ટિ અને સૃષ્ટિ બન્નેનું અસ્તિત્વ છે. સૃષ્ટિમાં પાંચ તત્વ અને ચૈતન્ય આત્માઓ સમાયેલા છે. અને દૃષ્ટિ આત્મા માટે સૃષ્ટિને નીરખવાની બારી છે, સાધન છે. તે છે માટે જ આપણે તેને જોઈ શકીએ છીએ. દૃશ્ય (સૃષ્ટિ) દર્શક (દૃષ્ટિ) બે છે. સામાન્ય સંજોગોમાં દૃષ્ટિ કરતાં સૃષ્ટિને જ વધુ મહત્ત્વ છે. જગતની જડ વસ્તુના પરિવર્તનનો અનુભવ આપણે કરી છીએ, જોઈ શકીએ છીએ. દા.ત. બરફનું પાણી થવું, પાણીની વરાળ થવી. બરફને આપણે ઘન પદાર્થ તરીકે, પાણીને પ્રવાહી તરીકે અને વરાળને વાયુ તરીકે જોઈએ છીએ. એટલે કે એ પ્રકારનું જ્ઞાન આપણને થાય છે. પણ છતાંય જેવી સૃષ્ટિ તેવી દૃષ્ટિ એવું કોઈ કહેતું નથી. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ જ કહેવાય છે. અત્યારે સૃષ્ટિની કોઈ પણ વસ્તુની પરિસ્થિતિની અસર દૃષ્ટિ પર થાય છે. પરંતુ દૃષ્ટિના પરિવર્તનની અસર સ્થૂળ રૂપમાં જોવામાં આવે છે ખરી? હા, કેટલીક વાર આપણે કહેતા હોઈએ છીએ કે અંધારામાં દોરડું પડેલું હોય તો પણ તમારા મનમાં જો સાપ હોય, દૃષ્ટિમાં જો સાપ હોય, તો દોરડું પણ સાપજ દેખાય છે. પણ સ્થિતિમાં પણ દોરડું ખરેખર સાપમાં પરિવર્તન થઈ જતું નથી. કારણ શું ?

આત્મા ચૈતન્ય છે. જડ સૃષ્ટિ કરતાં અનેકગણો વધારે શક્તિશાળી છે પણ આત્માને શરીરનું આવરણ છે. સંકલ્પો દ્વારા તેની શક્તિનું પ્રસરણ કે ફેલાવો થાય છે પણ તે અતિસૂક્ષ્મ છે. જેવો સંકલ્પ તેવી સૃષ્ટિ બનતાં વાર લાગે છે. જેમ પાણીમાંથી બરફ બનવા કરતાં વરાળમાંથી બરફ બનતાં વાર લાગે તેમ, દૃષ્ટિ એ ગહનતા કે ઘનતાને પામેલી વૃત્તિ છે, તેથી વૃત્તિ કરતાં દૃષ્ટિ વધારે શક્તિશાળી છે એમ કહી શકાય, દૃષ્ટિ એ ઘનાવસ્થાને પામેલી વૃત્તિ છે. વળી દૃષ્ટિ એટલે કે આત્માની આંખો દ્વારા જોવાની ક્રિયા, આપણી કોઈ અમુક એક દૃષ્ટિ હોવી અર્થાત્ આપણા જ વિચારો આપણી અંદર આકારને પામે છે કોઈ પણ વસ્તુ કે, વ્યક્તિ કે પરિસ્થિતિનું ચિત્ર આપણા મનમાં તૈયાર થાય છે પણ તે જો બળવાન સંકલ્પોને આધારે બનેલું ન હોય તો તેની અસર થતી નથી. દા.ત. એક રૂ નો કોઈ આકાર બનાવીએ, માટીનો બનાવીએ, સીમેન્ટનો બનાવીએ અને આરસનો બનાવીએ અંતર છે ને? દરેકની ઘનતા પોતપોતાની છે. આકાર તો બને છે પણ સ્થિરતા તેની ઘનના ઉપર આધાર રાખે છે. તેવી જ રીતે આપણા મનની અંદર કેટલીક આકૃતિઓ (શ્રેષ્ઠ શ્રીમત્ અનુસાર) તૈયાર થાય છે ખરી પણ સંકલ્પો બળવાન ન હોવાને કારણે સૃષ્ટિ પર અસર થવાને બદલે તેના ઉપર બહારની વ્યક્તિ કે, વસ્તુ કે પરિસ્થિતિની અસર થાય છે અને આપણી આદર્શ આકૃતિને છિન્નભિન્ન કરી નાખે છે.

તેથી જો આપણે આપણા અનુસાર દુનિયા બનાવવા માગતા હોઈએ તો આપણા શક્તિશાળી સંકલ્પો વડે આપણી દૃષ્ટિને શક્તિશાળી બનાવવી જોઈએ. યોગદ્વારા સંકલ્પોને શક્તિશાળી બનાવી શકાય.

વૃત્તિ દ્વારા પ્રવૃત્તિ અને પ્રવૃત્તિમાં પરિવર્તન લાવવા માટે દૃષ્ટિ એક અગત્યનો ભાગ ભજવી શકે. વૃત્તિમાં આપણે માનતા હોઈએ (શ્રેષ્ઠ શ્રીમત અનુસાર) તેવી પ્રવૃતિ, પ્રકૃતિ કે પરિસ્થિતિ દૃષ્ટિ

સમક્ષ ખડી કરવાનો પહેલો પુરુષાર્થ કરવો જોઈએ. જેમ જેમ તે દૃઢ બનતી જાય તેમ તેમ તેની અસર વ્યક્તિ કે વસ્તુ પર થાય છે. જડ કરતાં ચૈતન્ય શક્તિશાળી છે. પરંતુ ચૈતન્યમાં પણ જાગૃત આત્માની અસરજ બીજા સામાન્ય આત્માઓ પર થાય છે. અર્થાત્ જાગૃત એટલે કે આત્મઅભિમાની (Soul Conscious) સ્થિતિવાળા આત્માની અસર જડ એવમ્ ચૈતન્ય સમગ્ર સૃષ્ટિ પર થાય છે. ત્યારે જ કહેવાય કે જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. પવિત્ર દૃષ્ટિ દ્વારા સૃષ્ટિને પવિત્ર બનાવવાની છે.

॥ ઓમશાંતિ ॥

- **જીવનમાં સાત લોકો સાથે વ્યવહાર ન કરવો જોઈએ. મૂર્ખા પાસેથી વિનયની, લુચ્ચા પાસેથી પ્રીતિની, કંજૂસ પાસેથી ધનની, મમતામાં ડૂબેલા માણસો પાસેથી જ્ઞાનની, લોભી પાસેથી મૂંઝવાયેલા વૈરાગ્યની, ક્રોધી પાસેથી શાંતિની અને કામી પાસેથી ભગવાનની કથા કરવાનો કોઈ મતલબ નથી. એમની પાસે આવી કોઈ અપેક્ષા રાખવી જોઈએ નહીં.**
- **અજ્ઞાન સાથીની મિત્રતા દારૂડિયા સામે દલીલ કરવા જેટલી જ મૂર્ખતાપૂર્ણ છે.**
- **ખરાબ પરિસ્થિતિ અને તમારા લક્ષ્યને ધ્યાનમાં રાખીને આગળ વધો.**
- **પ્રેમ એ એવું પુષ્પ છે જે ઋતુ સિવાય ખીલે છે.**
- **ધરતી શ્વાસ લે છે એટલે આપણે જીવીએ છીએ એ શ્વાસ રોકે છે ને આપણે ઢળી પડીએ છીએ.**
- **જેણે વ્યથા જોઈ નથી તે આનંદ માણી શકતો નથી.**

**(પેજ નં. 16નું અનુસંધાન)... પરમાત્મા સાથે પ્રેમ**

દરેક પળે જોતાં નથી. તે કદી કોપાયમાન થતા નથી. તેઓ તો છે જ સદા પાવન સદા શિવ.

## પોતાના સુખ-દુઃખનું કારણ આપણે સ્વયં જ છીએ

આપણાં ખોટાં જ કર્મો વિઘ્નોનું કારણ છે. પરમાત્મા આપણને સત્કર્મ કરવાનું સાચું જ્ઞાન આપે છે. વિકર્મ ભસ્મ કરવાની યોગવિધિ શીખવાડે છે પરંતુ કરવું તો આપણે જ પડશે.

સંતોએ, યોગીઓએ પોતાની સાધનાથી સિદ્ધિઓ મેળવી. એમાંથી કેટલીક સિદ્ધિઓનો પ્રયોગ કરીને એમણે ભક્તોનાં દુઃખ દૂર કર્યાં. તો ધીરે ધીરે એમનાથી જ દુઃખ દૂર કરવાની આશા રાખવા લાગ્યા.

પરમપિતા પરમાત્મા તો આપણને સત્યજ્ઞાન આપે છે. આપણે હિંમત કરીએ છીએ તો તે મદદ કરે છે. આપણે એમનાથી ડરવાનું નથી, ના માંગવાનું છે. આપણે એમની શિક્ષાઓ (ઈશ્વરીય જ્ઞાન-યોગ) પર, એમની શ્રીમત પર ચાલવાનું છે. આ સમય છે સ્વયંને પરમાત્મ પ્રેમથી ભરપૂર કરવાનો. ॥ ઓમશાંતિ ॥

**(પેજ નં. 31નું અનુસંધાન)...કોરોનાથી કેન્સર**

હતા, જેમણે સમગ્ર ઓપરેશન દરમિયાન તેમને માર્ગદર્શન આપ્યું. પર્વતને રાઈ, રાઈને રૂ બનાવી દીધું!

જ્યારે હું આ બધી ઘટનાઓની હારમાળા જોઉં છું, ત્યારે મારું હૃદય બાબા અને ડ્રામા પ્રત્યે ખૂબ આભારની લાગણી અનુભવે છે. મારા હૃદયમાંથી એક જ શબ્દ નીકળે છે, 'વાહ બાબા વાહ, વાહ ડ્રામા વાહ, વાહ બ્રાહ્મણ પરિવાર વાહ'.

॥ ઓમશાંતિ ॥

# સમય છે સ્વયંને બદલવાનો

બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

સમય છે સ્વયંને બદલવાનો,
કોઈ બદલે કે ના બદલે, મારે પરિવર્તન કરવું છે.
નિશ્ચયની ડાળે બેસી, મન પંછી ગીત ગાય છે
પરિસ્થિતિ ભલે વિકરાળ હોય, એકરસ અવસ્થામાં રહેવું છે.
સમય છે સ્વયંને બદલવાનો, ...
ઈર્ષા અદેખાઈ વેર-ઝેરમાં જીંદગી લૂંટાઈ જાય છે,
સદાસુખી બનવા કાજે, એક શિવબાબાને યાદ કરવા છે.
સમય છે સ્વયંને બદલવાનો, ...
સ્વધર્મ સ્વકર્મ છોડી, દેહ ભાને પરિભ્રમણ કરવું નથી.
યોગયુક્ત બની, ત્યાગી તપસ્વી બની, અંગદની જેમ અટલ રહેવું છે.
સમય છે સ્વયંને બદલવાનો, ...
જ્ઞાનસરોવરમાં નિત્ય નિરંતર રહી, પાપકર્મોને ધોવા છે,
વિષય વિકાર, દુર્ગુણોને છોડી, પવિત્ર સ્વરૂપ બનવું છે.
સમય છે સ્વયંને બદલવાનો, ...
સંસ્કાર, સ્વભાવના વિભિન્ન સંસારની હદથી ઉપરામ રહેવું છે,
સર્વ સંબંધ શિવબાબાથી બાંધી, બેહદ સુખનો અનુભવ કરવો છે.
સમય છે સ્વયંને બદલવાનો, ...
વ્યર્થ સંકલ્પોની બીમારી તેજ, મન બુદ્ધિને શિથિલ બનાવે છે,
સમર્થ સંકલ્પો જ્ઞાનમંથનથી, શક્તિશાળી તનમન બનાવે છે,
સત્યતાના માર્ગે ચાલી, જીવનને સુગંધી બગીચો બનાવવું છે.
સમય છે સ્વયંને બદલવાનો, ...

**॥ ઓમશાંતિ ॥**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં સપ્ટેમ્બર-૨૦૨૧ માસની શબ્દાવલી ભાગ-૧૦ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ-૧૧ અહીં પ્રસ્તુત છે. જેની આડી-ઉભી ચાવીઓ ભરશો. તમને આવતાં ઓક્ટોબર-૨૦૨૧ના અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ-૧૧ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ-૧૧

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | ■ | ■ | 3 | 4 | ■ | ■ | 5 | |
| ■ | 6 | 7 | ■ | 8 | | ■ | 9 | | ■ |
| ■ | ■ | 10 | 11 | ■ | ■ | 12 | | ■ | ■ |
| 13 | ■ | ■ | 14 | 15 | 16 | | ■ | ■ | 17 |
| 18 | | | ■ | 19 | | ■ | 20 | | |
| | ■ | ■ | 21 | | | 22 | ■ | ■ | |
| ■ | ■ | 23 | | ■ | ■ | 24 | 25 | ■ | ■ |
| ■ | 26 | | ■ | ■ | ■ | ■ | 27 | 28 | ■ |
| 29 | | ■ | ■ | 30 | 31 | ■ | ■ | 32 | 33 |
| | ■ | ■ | ■ | 34 | | ■ | ■ | ■ | |

## શબ્દાવલી ભાગ-૧૦ ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 ર | ક્ષા | 2 બં | ધ | 3 ન | ■ | 4 ફુ | 5 મા | ર | 6 કા |
| ચ | ■ | ધુ | ■ | 7 ક | ટ | લે | સ | ■ | ર |
| 8 ના | રી | ત્વ | ■ | લ | ■ | ર | ■ | 9 સ | ■ |
| ■ | ■ | 10 દિ | 11 પ | ■ | 12 રા | ■ | 13 દ | લા | 14 લ |
| ■ | 15 શ્રા | વ | ણ | ■ | 16 ખી | 17 લી | ■ | 18 મ | ચ્છુ |
| 19 રા | ■ | 20 સ | જી | 21 વ | ■ | 22 લા | 23 જ | ■ | દા |
| 24 મા | 25 પ | ■ | ■ | 26 ન | ટ | ખ | ટ | ■ | દી |
| ■ | ર | ■ | ■ | 27 ટુ | ■ | 28 તી | બે | 29 ટ | ■ |
| 30 સ્વા | તં | ત્ર્ય | 31 દિ | વ | 32 સ | ■ | 33 લા | ગ | 34 ણી |
| 35 મિ | ત્ર | ■ | 36 વ | ન | વા | સ | ■ | 37 ર | ગ |

### આડી ચાવીઓ:-

૧. વદ અને ..... (૨)
૩. એક વ્રત કેવડા..... (૨)
૫. ભાદરવો માસ .....નો માસ (૨)
૬. પ્રકૃતિનું એક તત્વ (૨)
૮. સજ શબ્દ લીખો (૨)
૯. ..... મિલા તો સબ કુછ મિલા (૨)
૧૦. કમ ખાઓ, ..... ખાઓ (૨)
૧૨. હો ગઈ હૈ ..... ચલો (૨)
૧૪. શ્રી ગણેશનું એક નામ (૪)
૧૮. ૧૧ સપ્ટેમ્બર .....દાદીજીનો સ્મૃતિ દિવસ (૩)
૧૯. ગતિ, ઝડપ (૨)
૨૦. એક ગુણ (૩)
૨૧. ગુજરાતી કેલેન્ડરનો ૧૧મો મહિનો (૪)
૨૩. આજ ..... (૨)
૨૪. મંઝિલ, ધ્યેય (૨)
૨૬. નામ પાડતી વખતે જોવામાં આવે (૨)
૨૭. લક્ષ્મી-નારાયણ બનના ..... કા ઘર નહી (૨)
૨૯. પાસ, ...... અને પાસ (૨)
૩૦. ...... જૈસી ખોરાક નહી (૨)
૩૨. રાત્રે આકાશમાં ચમકે (૨)
૩૪. અંતમેં બાબા સબકો ..... રોટી જરૂર ખિલાયેંગે (૨)

### ઊભી ચાવીઓ:-

૧. ઔષધિ (૨)
૩. સપ્ટેમ્બર માસના દિવસો કેટલા? (૨)
૪. ન્યાયાધીશ (૨)
૫. બાપ સે વર્સા, રાવણ સે ..... મિલતા હૈ (૨)
૭. એક ..... ના ૧૨૫૦ વર્ષ હોય (૨)
૯. શરદીમાં લગાવવામાં આવે (૨)
૧૧. એક કઠોળ (૨)
૧૨. આન, માન અને ..... (૨)
૧૩. મુરલી (૩)
૧૫. એક પ્રખ્યાત ભારતીય કવિ .... અખ્તર (૩)
૧૬. શહેર (૩)
૧૭. નમન (૩)
૨૧. લલાટ (૨)
૨૨. દીવાલ શબ્દનો અંગ્રેજી અનુવાદ (૨)
૨૩. ..... કલવટ (૨)
૨૫. માફી (૨)
૨૬. સંસ્કાર મિલનની ..... કરો (૨)
૨૮. રામ, લક્ષ્મણ અને ..... (૨)
૨૯. અર્જુનનું એક નામ (૨)
૩૦. અલ્લાહ (૨)
૩૧. ચરિત્ર (૨)
૩૩. કિંગનું ગુજરાતી (૨)

Gyan Amrit Vol.14 | Issue 9 | September 2021| Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 Vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December 2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



રાજકોટ પંચશીલ પાર્ક સેવાકેન્દ્રમાં ગુરુપૂર્ણિમાના પર્વ પ્રસંગે રાજયોગિની ભારતીદીદીનું સન્માન કરતા રાજકોટ મહાનગર પાલિકાના કૉરપોરેટર ભગિની સોનલબેન સેલારા, ભગિની જયાબેન ડાંગર સાથે કૉરપોરેટર ભાઈઓ.



ન્યુઝીલેન્ડમાં સર્વધર્મ સમભાવ પ્રાર્થના સભામાં શાંતિનો ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. ભાવનાબેન સાથે વિવિધ ધર્મના આગેવાનો અને પ્રતિનિધિઓ.



વડોદરા મહાનગર પાલિકા તથા રામ મહિલા મંડળ દ્વારા આયોજીત હિમોગ્લોબીન ચેકઅપ મેડીકલ કેમ્પમાં ડેપ્યુટી મેયર ભગિની નંદાબેન જોષી, બ્ર.કુ. રાજબેન તથા ગણમાન્ય ડૉક્ટરો સાથે અતિથિગણ.




સુરેન્દ્રનગરમાં લાયન્સ ક્લબના સમારોહમાં દીપ પ્રજવલ્લન કરતાં બ્ર.કુ. હર્ષાબેન બાજુમાં ડિસ્ટ્રીક્ટ ગવર્નર ભ્રાતા વસંતભાઈ ચોવટીયા, વાઈસ ગર્વનર એસ.કે.ગર્ગ, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, નવનિયુક્ત પ્રમુખ પ્રશાંતભાઈ તથા લાયન્સ ક્લબના પ્રમુખ હોદ્દેદારો.




ગોંડલ અક્ષયભારતી મિત્રમંડળ દ્વારા પર્યાવરણ સુરક્ષા હેતુ વૃક્ષ વિતરણ કાર્યક્રમમાં દીપ પ્રજવલ્લન કર્યા બાદ સમૂહચિત્રમાં નગરપાલિકાના પ્રમુખ ભગિની શીતલબેન, ફોરેસ્ટ અધિકારી ભગિની શ્રધ્ધાબેન, બ્ર.કુ. ભાવનાબેન તથા યુવા પ્રતિનિધિઓ.



કેશોદના અગ્રણી આર.કે.ગોલ્ડ જ્વેલર્સના ઑનર ભ્રાતા રમેશભાઈ પડસાણા તથા ભગિની ચંદ્રિકાબેનને સૌગાત આપતાં બ્ર.કુ. રૂપાબેન.